શારદા મહિલા વિકાસ સોસાયટી

जीवन अंजली थाजो
सेवा ट्रस्ट

> અમે તે ઈશ્વરના દાસ છીએ,
> જેને અજ્ઞાનીઓ "મનુષ્ય" કહે છે.
>
> સ્વામી વિવેકાનંદ

# સેવા સુવાસ

## સંયુકત મુખપત્ર

**ઓકટોબર થી ડિસેમ્બર ૨૦૧૫**

# સેવા–સુવાસ

૧૯૮૪થી સેવા રૂરલ સંસ્થાનું ત્રિમાસિક મુખપત્ર **"સેવા સુવાસ"** તેમજ સેવા રૂરલની ભગિની સંસ્થા શારદા મહિલા વિકાસ સોસાયટી દ્વારા વર્ષ ૨૦૦૭ થી **"શારદા સુવાસ"** નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યા છે.

વર્ષ ૨૦૧૨થી સંસ્થાના સંયુકત ઉપક્રમે 'સેવા સુવાસ' પ્રકાશિત થાય છે. સંસ્થાના પાયાના ત્રણ અભિગમ – સામાજિક સેવા, વૈજ્ઞાનિક અભિગમ અને આધ્યાત્મિક દ્રષ્ટિકોણને સાંકળીને આરોગ્ય, આર્થિક પ્રવૃત્તિઓ, શૈક્ષણિક, રચનાત્મક પ્રવૃત્તિઓનો પ્રસાર કરવાનો શુભ આશય રાખ્યો છે. જેમાં બન્ને સંસ્થાના સમાચારો અને તે વિષેની માહિતી ઉપરાંત સંસ્થાના કાર્યકરો, ગ્રામ્યકક્ષાની સહયોગી બહેનો, કિશોર–કિશોરીઓ અને બાળકો પોતાના સ્વાનુભવો તેમજ પ્રેરક પ્રસંગો રજૂ કરશે.

અત્યાર સુધીના અંકોમાં સંસ્થાના પાયાના ત્રણ અભિગમમાંથી સામાજિક સેવા અને વૈજ્ઞાનિક અભિગમને ધ્યાનમાં રાખીને પ્રવૃત્તિઓ અને સમાચાર પ્રકાશિત થઈ રહ્યા છે. આજે જયારે સંસ્થા સફળતાપૂર્વક ૩૫ વર્ષ પૂરાં કરી રહી છે ત્યારે પાયાનો ત્રીજો અભિગમ આધ્યાત્મિક દ્રષ્ટિકોણ જેનો વ્યકિતના સ્વવિકાસમાં મહત્વનો ફાળો છે અને એના પ્રયત્ન રૂપે સંસ્થામાં આધ્યાત્મિક શિબિરો, સાધુસંતોના આશીર્વચનો અને સત્સંગનો જે લાભ મળે છે, તેના સમાચાર આ અંકથી પ્રગટ કરવા જઈ રહ્યા છે.

આપ સૌના પ્રતિભાવો અને સૂચનો, અમારી યાત્રાને પ્રેરણા અને બળ પૂરું પાડશે.

## સાંકળિયું


| | | |
|---|---|---|
| ૧. | વલોણુ | ૧ |
| ૨. | વિવેક સુવાસ | ૩ |
| ૩. | માતૃશકિત– શીરાવાળાબેન તે શીલાબેન | ૪ |
| ૪. | યુવાનીના ઉંબરે – જેઓ બીજા માટે જીવે છે તે જ ખરેખર જીવે છે | ૪ |
| ૫. | સંસ્થા સમાચાર | ૬ |
| ૬. | મિત્રોની નજરે | ૧૭ |
| ૭. | સત્સંગના સથવારે | ૧૯ |
| ૮. | નાનાઓની મોટાઈ – માનવતાની મહેક | ૨૦ |
| ૯. | જાણવા જેવું– કસ્તુરબા સહાય યોજના | |


## સેવા સુવાસ સમિતિ

| | | |
|---|---|---|
| જયશ્રી લાડ | જાગૃતિ શાહ | મંજુલા માછી |
| મુકેશ પરીખ | કાંતિ પરમાર | દિલીપ પટેલ |
| બંકિમ શેઠ | રમેશ ગોસ્વામી | ભરત પ્રજાપતિ |
| | ડો. લતાબેન દેસાઈ | |

**ખાસ નોંધ : વાચક મિત્રો, દર ત્રણ માસે પ્રસિધ્ધ થતું સેવા સુવાસ મુખપત્ર આપની અનુકૂળતાએ વેબસાઈટ www.sewarural.org પર પણ વાંચી શકાશે.**

# વલોણું

દુનિયાના ઝડપથી વિકસી રહેલા પાંચ દેશોમાં આપણા દેશનો સમાવેશ થાય છે અને આખાયે દેશમાં ગુજરાત ઔદ્યોગિક અને આર્થિક ક્ષેત્રે દેશભરનાં ૨૭ રાજયોમાંથી પ્રથમ નંબરે છે. જે આપણા સૌ માટે એક આનંદની વાત છે. પરંતુ શૈક્ષણિક ક્ષેત્રે રાજસ્થાનનો છેલ્લો ૨૭મો નંબર અને ગુજરાતનો ૨૬મો નંબર એટલે કે છેલ્લેથી બીજો. એક ક્ષેત્રમાં પહેલો અને બીજા એક ક્ષેત્રમાં ૨૬મો ! કેટલી મોટી ખાઈ ! જો કે શાળામાં દાખલ થતાં બાળકોના નામાંકન દરમાં ચોકકસ વધારો થયો છે.

પૂર્વ પ્રાથમિક એટલે કે ધોરણ ૧ થી ૫ નાં બાળ કો માટે સરકારે ભાર વગરનુ ભણતર પૂરું પાડવા 'પ્રજ્ઞા' પધ્ધતિ શરૂ કરેલી છે. જેમાં બાળકોને શાળાના સમય દરમ્યાન જ પ્રવૃત્તિઓ દ્વારા શિક્ષણ અપાય છે. શાળા છૂટયા બાદ ઘરે ચોપડીઓથી ભારે થેલો કે લેશનનો ભાર બાળકો તેમજ વાલીઓને રહેતો નથી આ વિચાર ઘણો સારો છે. શિક્ષકોએ પ્રવૃત્તિઓની સાથે સાથે શાળામાં બાળકોને પાયાનુ લખતાં, વાંચતા પણ શીખવાડવાનુ હોય છે. પરંતુ શિક્ષકોના પ્રતિભાવો છે કે તેમનો મોટાભાગનો સમય 'પ્રજ્ઞા' પ્રવૃત્તિ તેમજ બિનશૈક્ષણિક પ્રવૃત્તિઓ પાછળ જતો હોવાથી તેઓને બાળકોને લખતાં, વાંચતા શીખવાડવાનો સમય મળતો નથી. છેલ્લા કેટલાંક વર્ષોથી વર્ષાંતે લેવાતી પરીક્ષાઓ પણ બંધ થઈ જવાથી બાળકોની લખવા અને વાંચવાની ક્ષમતા તરફ શિક્ષકો, વાલીઓ અને બાળકો પૂરતુ ધ્યાન પણ આપતા નથી.

સરકારે કરેલા સુધારાઓ છતાં વિદ્યાર્થીઓના વાંચન, લેખન અને ગણિતની ક્ષમતામાં સુધારો થવાને બદલે દિન પ્રતિદિન પરિસ્થિતિ કથળતી રહી છે. ધોરણ–૨માં મૂળાક્ષરો વાંચી ન શકતા બાળકો વર્ષ ૨૦૧૦માં માત્ર ૮.૭% હતા જેમાં ૨૦૧૪ની સાલમાં લગભગ ત્રણ ગણો વધારો થઈને તેનું પ્રમાણ ૨૪.૩ % થઈ ગયુ છે. ધોરણ ૫ ના વર્ગમાં ભણતા બાળકોમાં ૫૦% જેટલા બાળકોમાં ધોરણ–૨ નાં પુસ્તકોનું લેખન, વાંચન અને ગણિતનુ જ્ઞાન નથી. માત્ર ૨૫% બાળકો નાના વાકયો વાંચી શકે છે , લાંબુ લખાણ તો નહી જ. ગ્રામીણ વિસ્તારના બાળકો ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી જેવા વિષયોના ટયુશન કલાસોથી વંચિત રહેતા હોવાથી તેમજ ભણવામાં રસ ઉત્પન્ન કરી શકે તેવા શિક્ષકો ગ્રામિણ સરકારી શાળાઓમાં ઓછા છે જેથી કરીને પ્રાથમિક એટલે કે ધોરણ ૬ થી ૮ ભણતા બાળકોનો અભ્યાસમાં રસ ન રહેતા, છોકરાઓ પૈસા કમાવવાની લતમાં પડીને શાળામાં ભણવા જવાનું છોડી દઈને નાની મોટી છુટક મજુરીમાં લાગી જાય છે, અને છોકરીઓ ઘરકામ અને નાના ભાંડુઓની સંભાળ લેવાના કારણે અધવચ્ચે ભણવાનુ છોડી દે છે. બીજુ ધોરણ ૮માં ભણતા માત્ર ૩૬% બાળકો અંગ્રેજીના વાકયો વાંચી શકે છે. જે સમગ્ર ભારતના સરેરાશ ૪૬%થી ઓછુ છે. આ બધા કારણોસર ૧૬–૧૭ વર્ષની ઉંમરના બાળકોનું શાળા છોડી જવાનું પ્રમાણ ૩૦%થી પણ વધુ છે. વળી હાલ ધોરણ ૧૦ની પરિક્ષામાં ૫૦% ઓબ્જેકટીવ પ્રશ્નો અને ૫૦% પ્રશ્નોના જવાબો લેખિતમાં લખવાના હોય છે. ગ્રામિણ બાળકો લખાણમાં નબળા રહી જતા હોવાથી મોટાભાગના

૧૦મુ ધોરણ પાસ કરી શકતા નથી. ગ્રામિણ વિસ્તારના બાળકોના ઉજવળ ભવિષ્ય માટે વાલીઓ અને બાળકોની ચિંતા વધી રહી છે. સ્થિતિપાત્ર કુટુંબો તેમના બાળકોના ભણતર માટે સ્થળાંતર કરીને શહેરની ખાનગી શાળાઓમાં બાળકોને દાખલ કરાવે છે જેથી કરીને ગ્રામિણ સરકારી શાળાઓમાં બાળકોની સંખ્યા ઓછી થતી જાય છે. સરકારની નિતિ મુજબ શાળામાં શિક્ષકોની સંખ્યા અને સરકારી ગ્રાંટની મંજુરી બાળકોની સંખ્યાના આધારે થતી હોવાથી ગ્રામિણ સરકારી શાળાઓ મૃતઃપ્રાય દિશામાં સરકી જવાની દહેશત ઊભી થઈ છે.

પરિક્ષાઓમાં થતી ચોરીઓનું નિવારણના એક ભાગ તરીકે પરિક્ષા ખંડોમાં CCTV મૂકાય છે. એટલે શિક્ષકો પણ પોતાની શાળાના વિદ્યાર્થીઓ ચોરી કરાવીને પાસ કરાવી શકતા નથી શાળાના વહીવટકારો અને શિક્ષકોને પોતાની ભવિષ્યની ચિંતા થવા લાગી છે. આધુનિક શૈક્ષણિક પધ્ધતિ, ટેકનોલોજી, મોબાઈલ ફોન, કેલ્કયુલેટર અને કોમ્પ્યુટર જ્ઞાન અને કૌશલ્ય કેળવવામાં બાળકોમાં રસ અને ક્ષમતા જૂના શિક્ષકો કરતા વધારે હોય છે જે એક સારુ ચિન્હ છે.

બીજી બાજુ બાળકોના શિક્ષણ માટે રસ ધરાવતી વ્યકિતઓ અને કાર્યરત સંસ્થાઓ, તેમજ નિવૃત્ત શિક્ષકો શાળાઓમાં મદદરૂપ બનવા તૈયાર છે. ગ્રામિણ વિસ્તારમાં શાળાઓના વહીવટકર્તાઓ પોતાની શાળાની અસ્તિત્વની કે પોતાની નોકરીની ચિંતા કે એવા કોઈ કારણસર તેમના તરફથી રસ ધરાવતા લોકોને સહકાર કે આવકાર આપવાની વાત તો દૂર રહી પણ કયારેક આ લોકોને એક યા બીજા અંતરાયો ઊભા કરીને, તો કયારેક ઘમંડી અને ઉધ્ધત વર્તન કરીને તેઓને જાકારો આપી રહી હોય તેવું દેખાઈ રહ્યું છે. કોઈક જગ્યાએ બહારથી શિક્ષકોની મદદ મળે તો જે તે શાળાના શિક્ષકો ઈતર કામો કે અન્ય કોઈ પ્રવૃત્તિઓ માટે જતા રહે છે. આ કારણે બહારથી મદદરૂપે આવેલા સક્ષમ લોકો પાસેથી નવુ શીખવાની તૈયારી બતાવતા નથી.

સરકારે બાળકેળવણીની આવી કથળતી પરિસ્થિતિ સુધારવા વર્ષ ૨૦૧૫ ના જુલાઈ માસમાં ચિંતન શિબિર પણ યોજેલ. દેશના વિચારશીલ, સંવેદનશીલ નાગરિકોના મનમાં મંથનો તો ચાલ્યા જ કરે છે.

**મંથન :**

- ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી જેવા વિષયોને શીખવી શકે તેવા શિક્ષકોની ખોટ કેવી રીતે પૂરી પાડી શકાય?
- બાળકોના જીવન ઘડતર માટે શૈક્ષણિક પ્રવૃત્તિઓની સાથે સંસ્કાર સિંચનને લગતી પ્રવૃત્તિની જવાબદારી કોણ લઈ શકે?
- શિક્ષકોને જરૂરી જ્ઞાન અને અધ્યપણની સમજ અને તાલીમની જવાબદારી કોને આપી શકાય?
- વર્ગખંડમાં ચાલતા શિક્ષણનું મોનીટરીંગ કોણ કરી શકે?
- શિક્ષણમાં રસ ધરાવતા સક્ષમ વ્યકિતઓ કે સંસ્થાઓને આવકારવા સરકાર નવી નિતિ બનાવી શકે?

ગતિશીલ ગુજરાતની છાપને જાળવી રાખવા આપણે સૌએ ખભેખભા મિલાવીને એકબીજાના પૂરક બનીને કામ કરતા શીખવું જ રહ્યું. બાળ કેળવણીને લગતા મંથનના ઉકેલો અને પ્રતિભાવો જરૂરથી મોકલી આપશો. જે અમારા કામમાં પણ મદદરૂપ બની શકશે.

♦

# વિવેક સુવાસ

છેલ્લા થોડા અંકોથી આપણે સ્વામી વિવેકાનંદના ભારતીય નારીને લગતા જુદા જુદા વિષયો ઉપરના વિચારો વાંચી રહ્યા છીએ. આ અંકમાં તેમના નારીને લગતા લગ્ન, નારી કેળવણી તેમજ પુરુષોએ અને સમાજે પણ તે માટે કેવી તૈયારી કરવી પડશે તે વિશેના કેટલાક વિચારો શિષ્ય શરદચંદ્ર સાથે થયેલા વાર્તાલાપ દ્વારા જાણીશું. સ્વામી વિવેકાનંદના ૧૫૦ વર્ષ પહેલાના વિચારો આજની પરિસ્થિતિમાં પણ એટલા જ પ્રસ્તુત લાગે છે.

**પ્રશ્ન :** સ્વામીજી ! બાળલગ્નો વિષે આપનો શો અભિપ્રાય છે તે હું પૂછી શકું ?

**સ્વામીજી :** ચોક્કસ..... છોકરી સહેજસાજ મોટી થાય, એટલે બૈરાંઓમાંથી એકેએક – છોકરીની માતાથી માંડી સગાંસંબંધી અને પાડોશી બૈરાંઓ સુદ્ધાં બૂમો પાડવા માંડશે કે હવે એને માટે મુરતિયો તો શોધી કાઢો અને ન શોધે ત્યાં સુધી બાપને બિચારાને જપવા જ ન દે ! તમારા ધાર્મિક દંભીઓ માટે જેટલું ઓછું બોલીએ તેટલું સારું. આજના જમાનામાં કોઈ તેમનું સાંભળતું નથી, પરંતુ તે છતાં તેઓ પોતે જ ધરાર–નેતા થઈ બેસશે. રાજકર્તાઓએ બાર વરસની છોકરી સાથે લગ્નસંબંધથી રહેનારને સજા ફરમાવતો 'સંમતિ વયનો કાયદો ( Age of consent Bill ) પસાર કર્યો, એટલે તરત જ આ બધા તમારા કહેવાતા ધાર્મિક નેતાઓએ તેની વિરુદ્ધમાં હોહા કરી મૂકી : 'હાય હાય ! આ તો આપણો ધર્મ રસાતાળ જવા બેઠો !' કેમ જાણે કે ધર્મ બાર કે તેર વરસની છોકરીને મા બનાવવામા જ સમાઈ જતો ન હોય !

**પ્રશ્ન :** ત્યારે આપના મત પ્રમાણે તો પુરુષોએ અને સ્ત્રીઓએ મોટી ઉંમરે લગ્ન કરવાં જોઈએ, ખરું ?

**સ્વામીજી :** ચોકકસ... આટલેથી અટકી ન જતા સ્વામીજીએ કહ્યું કે, સ્ત્રીઓને શિક્ષણ પણ આપવું જોઈએ; નહિંતર અનીતિ અને ભ્રષ્ટાચાર વધશે. શિક્ષણનો અર્થ અત્યારની પદ્ધતિ એટલે એકલું પુસ્તકિયું જ્ઞાન એવો હું નથી કરતો, પરંતુ વાસ્તવિક શિક્ષણની દિશામાં કંઈક કરવું એમ કહું છું. આપણે એવા શિક્ષણની જરૂર છે કે જે દ્વારા ચારિત્ર્યનું ઘડતર થાય, માનસિક સામર્થ્ય વધે, બુદ્ધિનો વિકાસ થાય અને જેનાથી માણસ પોતાના પગ ઉપર ઊભો રહી શકે.

**પ્રશ્ન :** ત્યારે તો આપણે આપણી સ્ત્રીઓને ઘણી રીતે સુધારવાની રહેશે.

**સ્વામીજી :** એવી કેળવણી પછી સ્ત્રીઓ જ પોતાની સમસ્યાઓનો ઉકેલ લાવશે, અત્યાર સુધી તેમને નિરાધારતાનું, બીજા ઉપર ગુલામની પેઠે અવલંબન રાખવાનું જ શીખવવામાં આવ્યું છે; અને તેથી જરાક સરખી આફત કે ભય આવતાં જ તેઓ રોદણાં રડવામાં જ હોશિયાર હોય છે. બીજી બાબતોની સાથે, તેમણે શૌર્ય અને બહાદુરીની ભાવના કેળવવી જોઈએ. આજના જમાનામાં તેમણે આત્મરક્ષણ કરતા શીખવાની પણ જરૂરી ઊભી થઈ છે. જુઓ, ઝાંસીની રાણી કેવી બહાદુર હતી !

**પ્રશ્ન :** આપ જે સલાહ આપો છો તે સાવ નવા જ પ્રકારનો છે. મને બીક લાગે છે કે આપણી સ્ત્રીઓને એ રીતે કેળવીને તૈયાર કરતા હજુ ઘણો સમય લાગશે.

**સ્વામીજી :** ગમે તેમ પણ આપણે આપણાથી બનતું કરી છૂટવાનું છે. આપણે માત્ર સ્ત્રીઓને કેળવીને તૈયાર કરવાની છે એમ નહિ....

પરંતુ આપણે એટલે કે પુરુષ સમાજે આપણી જાતને પણ કેળવવાની છે. માત્ર બાળકો પેદા કરવાથી બાપ થવાતું નથી; એમાં પોતાની ઉપર અનેક જવાબદારીઓ પણ લેવાની હોય છે. લોકોની નજર સમક્ષ આવા સ્ત્રી–પુરુષોના દૃષ્ટાંતથી લોકોના વિચારો અને આકાંક્ષાઓમાં પણ ક્રાંતિ આવશે. આજે લોકોની દશા શી છે ? છોકરી નવ–દસ વરસની થાય એટલે એને જેમતેમ કરીને પરણાવી દઈને ઠેકાણે પાડી દેવી ! અને જો એ છોકરીને તેરમે વરસે બાળક જન્મે તો પછી આખા કુટુંબના હરખનું પૂછવું જ શું ? આવા વિચારોના પ્રવાહને જો ઉલટાવી શકાય તો જ પ્રાચીન શ્રદ્ધા પાછી આવવાની કંઈક આશા છે.

♦

**શિષ્ય :** શરદચંદ્ર ચક્રવર્તી સાથેનો સ્વામી વિવેકાનંદનો વાર્તાલાપ.

(ભારતીય નારી ચોપડીમાંથી સાભાર)

## માતૃશકિત

### શીરાવાળા બહેન તે શીલાબહેન

"શીરાવાળી બહેન આવી, શીરાવાળી બહેન આવી" આ શબ્દો હતા ગરીબ કુટુંબની પ્રસૂતા બેન, દીકરી અને વહુઓના મોઢેથી નીકળેલા.

આ શબ્દો વપરાયા છે છેલ્લા ૧૦ વર્ષથી શારદા મહિલા વિકાસ સોસાયટીમાં નાસ્તા બનાવી રહેલા શીલાબેન માટેના. સેવા રૂરલ દ્વારા હોસ્પિટલમાં આવતી ગરીબ બહેનોને ડિલિવરી બાદ ગરમ શીરો બનાવી આપવાનો પ્રસ્તાવ આવ્યો અને શીલાબેને સહજતાથી તેણે સ્વીકારી લીધો. શીલાબેને ઘરના કામ, જવાબદારીને સંસ્થાના કામ સાથે એવી રીતે ગોઠવ્યું કે, જેથી ત્રણ વર્ષથી આજદિન સુધી પ્રસૂતા બહેનોને મા બનીને એટલા જ પ્રેમથી ગરમ શીરો સતત, નિયમિત આપી રહ્યા છે.

તેમના હૃદયની ભાવના તેમના જ શબ્દોમાં જાણીએ "ઘણાં વર્ષોથી મારા પતિ કોઈ જ કામ કરતા નથી. હું અને મારો દીકરો થઈ ઘર ચલાવીએ છીએ. મારી દીકરી અને દીકરાના લગ્ન પ્રસંગે સગાસંબંધીની મદદ લેવી પડેલી. મારી દીકરીના ડીલીવરી પ્રસંગે તેમજ દીકરાના વહુના શ્રીમંતની રસોઈ બનતી હતી, ત્યારે સંબંધીને બેસાડી મેં સંસ્થામાં જઈને પ્રસૂતા બહેનો માટે શીરો સમયસર બનાવી આપ્યો. દીકરાના દીકરાને ફાગવેલ મંદિરમાં પગે લગાડવા ગઈ તે પણ ગરમ શીરો બનાવ્યા બાદ જ.

મને થાય છે કે સવાર કયારે પડે અને કયારે હું મારી હોસ્પિટલની દીકરીઓ, વહુઓ માટે શીરો બનાવવા જાઉં.

ગામડામાંથી આવતી ગરીબ પ્રસુતા, દીકરીઓ અને વહુઓના મોઢા પરનો આનંદ જોઈ હું ખુશ થાઉં છું. સંસ્થાનું વાતાવરણ પણ મને ગમે છે, અને આ તક મને ભગવાને આપી તે તેમની કૃપા સમજુ છું."

શીલાબેનમાં વ્યાપક બનેલા માતૃભાવને વંદન કરીએ.

♦

## યુવાનીના ઉંબરે

### જે બીજા માટે જીવે છે તે જ ખરેખર જીવે છે

બહેન હું પેલા ફળિયામાં એક ઘરે ગરીબ છોકરો છે તેને આ કપડા આપી આવું? સ્વામી વિવેકાનંદની જન્મ જયંતી નિમિત્તે "સેવા પ્રકલ્પના કાર્યક્રમનું ઝઘડિયા તાલુકાની ૧૦ સ્કુલોમાં આયોજન કરવામાં આવેલો. આ કાર્યક્રમ ઝઘડિયાના દિવાન ધનજીશા હાઈસ્કુલના ધોરણ ૭ અને ૮ના વિદ્યાર્થીઓ સાથે ગોઠવાયો. ઝઘડિયા ગામની દીવાન ધનજીશા હાઈસ્કુલના વિદ્યાર્થી અને શિક્ષકોએ જરૂરિયાતમંદ વ્યકિતઓને જૂના કપડા આપવાની પ્રવૃત્તિ કરવાનું સાથે મળીને વિચાર્યુ. આ પ્રવૃત્તિની વાત વિદ્યાર્થીના મોઢે જ સાંભળીએ.

આ આખી પ્રવૃત્તિમાં સૌ પ્રથમ અમે શાળાની સફાઈ અને જૂના કપડા વિતરણનું કામ થઈ શકે કે કેમ તેની વાત શાળાના શિક્ષકશ્રીઓએ કરી. બીજાને મદદ કરવાની ભાવનાનું ઘડતર થાય, એવી પ્રેરણા મળે માટે અમારા શિક્ષિકા બહેને ધોરણ ૭ અને ૮ ના વિદ્યાર્થીઓને કહ્યું, " પોતાના ઘરે જુના કપડા હોય તે લઈ આવશો? આવતી કાલે આપણે ગામમા જરૂરિયાતમંદ બાળકો, બહેનો, વડીલો, વિદ્યાર્થીઓને આપવા જઈશું." અમે સૌ વિદ્યાર્થીઓએ ઉત્સાહથી સંમતિ દર્શાવી કે, હા અમે કપડા લાવીશું અને આપવા જઈશુ. અમે ઘરે અમારા મમ્મી–પપ્પાને વાત કરી. તેઓને પણ આ વિચાર ગમી ગયો. ઘરમાં અમારા જૂના પણ ઉપયોગી બને તેવા નાના યુનિફોર્મ , નાના ફ્રોક, રોજ પહેરતા ડ્રેસ ભેગા કર્યા. મમ્મીએ પણ તેમની જૂની સાડી આપી જે ખરેખર ખૂબ જ સારી હતી અને પહેરે તો ગમી જાય એવી હતી. પપ્પા તેમના કબાટમાંથી પેન્ટ અને શર્ટ લઈને

આવ્યા. મને થયુ કે મમ્મી પપ્પા પણ એવુ જ વિચારતા હશે કે આ કબાટમાં પડેલ જૂના કપડા કોઈ યોગ્ય જરૂરિયાતમંદને મળે, અને આ તક તેઓએ પણ ઝડપી. અમે સૌ મિત્રો બીજા દિવસે શાળામાં પ્લાસ્ટીક કોથળીમાં કપડા લઈને આવ્યા. શારદા મહિલા વિકાસ સોસાયટીના કાર્યકર શાળામાં આવ્યા. તેમને જોઈને અમે ખુશ થઈ ગયા કે ચાલો હવે આપણે ગામમાં કપડા આપવા જઈશું. અમારી વિદ્યાર્થીઓની ટુકડી પડી. એક ટુકડીએ પોતાના કલાસરૂમની સફાઈ કરી અને બીજી ટુકડી ઝઘડિયા ગામના રખા ફળિયામાં પહોંચ્યા. એક લીમડા નીચે બધા કપડા એક ખાટલા પર ભેગા કર્યા. તેનું વર્ગીકરણ કર્યું. અમે ફળિયામાં ગયા. એક દાદી પોતાના પૌત્રને નવડાવી બહાર આવ્યા ત્યાં અમે કપડા આપ્યા તેઓએ ખુશીથી લીધા. પછી આ સીલસીલો ચાલ્યો. બે માજી ખેતરે જતા હતા તેઓને સાડી આપી. એક અતિ ગરીબ બહેનને સ્વેટર પહેરાવ્યું. નાના બાળકોને, મોટાભાઈઓને પેન્ટ વગેરે આપ્યા. થોડા કપડા બાલમંદિરના બાળકોને આપ્યા. અમે ઘરે દોડી જઈને પોતાની પાસે જે માપના કપડા હોય તે પ્રકારનું ઘરમાં વ્યકિત હોય તો તેને બોલાવી, કપડા આપ્યા. આ બધાની વચ્ચે અમારા ગ્રુપનો એક વિદ્યાર્થી તેની પાસે એક પેન્ટ અને અકે શર્ટ હતું જે તે કોઈને આપે નહી.

અમને એમ કે એ પેન્ટ અને શર્ટ એને ગમતા હશે એને કોઈને આપવુ નહી હોય એટલે સાચવી રાખ્યા હશે. આમ આખુ ફળિયુ પુરું થતા અમે શાળામાં પાછા ફરતા હતા. પણ જેની પાસે આ પેન્ટ હતા તેણે ચાલવાનું ધીમું કર્યું અને શાળાના રસ્તા કરતા જુદે રસ્તે જવા લાગ્યો. તેને અમે પૂછયુ આમ કયા જાય છે ? ચાલો શાળામાં પાછા. તો કહે", "બહેન હું પેલા ફળિયામાં એક ઘરે ગરીબ છોકરો છે તેને આ કપડા આપી આવું ?" બીજા વિદ્યાર્થીઓ શાળામાં પાછા ફર્યા. અમે ચાર પાંચ વિદ્યાર્થી પેલા છોકરા સાથે તે જે કહેતો હતો તે ઘરે ગયા. એકદમ ઝૂંપડું. ઘરમાં દાદી ચુલા આગળ બેસી રોટલા કરી રહ્યા હતા. પેલો વિદ્યાર્થી દાદીને કહે, લો આ કપડા તમારા ઘરે મારા જેવો છોકરો છે તેને આપી દેજો. દાદી રોટલા કરતા ઊભા થયા અને છોકરાને બૂમ પાડી. છોકરો આવ્યો. થોડો શરમાયો પણ કપડા લઈ લીધા. પેલી સાચવી રાખેલ પેન્ટ ગરીબ છોકરાને આપી. છોકરો ખૂબ ખુશ થઈ ગયો. અમને તેણે કપડા કેમ સાચવી રાખેલા, તેની સાચી ભાવનાની ખબર પડતા ખુશ થઈ ગયા. ખુશ થતા થતા, પાછા શાળાએ ફરતા હતા તો છોકરાઓ અંદરોઅંદર કહે આપણે પેલા છોકરાને કપડા આપ્યા તે કોઈને કહેવાનુ નહી, કેમ કે તે આપણી નિશાળમાં ભણવા આવે છે. આપણે તેને કહીએ તો તેને શરમ આવશે. બધા કહે, હાં આપણે કોઈને નહી કહીએ અને આપણી શાળામાં આના જેવા ઘણા છોકરા આવે છે તેમને આપણે આવી જ રીતે કપડા આપીશું.

આવી વાત કરતા કરતા શાળામાં આવ્યા. વિદ્યાર્થીઓ કહે, આજે અમે જરૂરિયાતમંદને મદદરૂપ બન્યા તે બહુ ગમ્યુ "જેઓ બીજા માટે જીવે છે તે જ ખરેખર જીવે છે" યુવાનીની ઉંબરે ઉભેલા અમારા જેવા વિદ્યાર્થીઓમાં આ પ્રકારની ભાવના કેળવવા માટેના અંકુર રોપ્યા એનો આનંદ થાય છે.

સંસ્થાના કાર્યકરોને હતું કે કોઈને કપડા આપીશુ તો કોઈનુ સ્વમાન ઘવાશે તો ? પણ સમાજમાં કેટલાક એવા કુટુંબો છે કે જેમને શરીર ઢાંકવા મળેલ કપડાની કિંમત છે અને તે વખતે અમને સમજાઈ માણસાઈની કિંમત.

♦

# સંસ્થા સમાચાર

## સેવા રૂરલ અને શા.મ.વિ.સો.ના સંયુકત ઉપક્રમે ચાલતી પરિવાર પ્રવૃત્તિ

## પરિવાર મિલન

- તા. ૨૬ ઓકટો ૧૫ના દિવસે સંસ્થાને ૩૫ વર્ષ પૂર્ણ થયા, એટલે ૨૬ ઓકટોબરનો દિવસ એ સંસ્થાનો સ્થાપના દિવસ પણ હોવાથી પરિવાર મિલનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો. આ કાર્યક્રમમાં સંસ્થામાં કામ કરતા કાર્યકર (સ્ટાફ) ના વાલીઓને ખાસ આમંત્રિત કરવામાં આવ્યાં. અને ....વાલીઓ કાર્યક્રમમાં સહભાગી થઈ, કાર્યક્રમને માણ્યો. વાલીઓને સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ બતાવી. વિભાગીય કામગીરીમાં જે કાર્યકરોએ વર્ષ દરમ્યાન સારી કામગીરી કરી તેઓને પ્રોત્સાહિત ઈનામ પણ આપવામાં આવ્યા. કાર્યક્રમમાં આવેલ વાલીઓમાંથી પ્રતિભાવો અને સૂચનો મેળવ્યાં, જે સંસ્થાના વિકાસમાં મદદરૂપ બનશે. કેટલાક વાલીઓ તેઓના સામાજિક કારણોસર આવ્યા નહોતા તેઓએ પણ સંસ્થાની પ્રવૃત્તિઓ, કાર્યકરોની નિષ્ઠાને પ્રોત્સાહિત કરી શુભેચ્છાઓ પાઠવી હતી.

  સેવા રૂરલ પરિવાર વાલીઓ સાથે સમૂહ ભોજન લીધું અને સાંસ્કૃતિક કાર્યક્રમને માણ્યો.

### વાર્ષિકોત્સવ કાર્યક્રમ

- તા. ૧૯–૨૦ ડિસે ૧૫ના રોજ સેવા રૂરલ સંસ્થાનો ૩૫મો વાર્ષિકોત્સવ આનંદથી ઉજવાયો.

  આ પ્રસંગે રામકૃષ્ણ મીશન મુંબઈથી પૂ. સ્વામી સર્વલોકાનંદજી ( અધ્યક્ષ, રામકૃષ્ણ આશ્રમ, મુંબઈ ) અને કર્મશીલ ડો. અભયભાઈ બંગ ( ડાયરેકટર, શોધગ્રામ, ગઢચિરોલી, મહારાષ્ટ્ર ) ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

બે દિવસના વાર્ષિકોત્સવમાં પહેલા દિવસે ગ્રામ્ય કાર્યકર, સંસ્થામાં કામ કરતા લાભાર્થી અને શુભેચ્છકો, ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર હતા. બીજા દિવસે પણ મોટી સંખ્યામાં શુભેચ્છકો, મિત્રો, દાતાઓ અને પરિવારના સભ્યો સહભાગી થયા હતા.

ઉપસ્થિત બંને મહાનુભાવોએ સેવાની વિશેષ વાત કરી. સ્વામીજીએ તેમના આશીર્વચનમાં જળ સાથે ભકિત ભળે તો ચરણામૃત બને, ભોજન સાથે ભકિત ભળે તો પ્રસાદ બને, કર્મમાં ભકિત ભળે તો ઉપાસના બને એમ દરિદ્રનારાયણની થતી અવિરત સેવા સતત ધખતી રહે માટે પ્રોત્સાહિત કર્યા.

યુવાઓમાં જોવા મળતા વ્યસનની ચિંતા અને તે માટે થયેલ વિશેષ પ્રયત્નોના અનુભવોની વાતો કર્મશીલ ડો. અભયભાઈએ કરી.

સંસ્થાના કાર્યકરોની ઊંડી સમજણ દર્શાવતાં ૩૫ શબ્દોની તીવ્રતા દર્શાવતુ ચિત્રવાળુ મુખપૃષ્ઠ ધરાવતું પુસ્તક જેમાં શરૂઆતથી આજદિન સુધીની મજલના અનુભવો લખાયા છે એવી "ધન્યતાની કેડીએ....એકબીજાને સથવારે" નું વિમોચન આમંત્રિત મુખ્ય મહેમાનો, મુરબ્બી ટ્રસ્ટીઓ દ્વારા કરવામાં આવ્યું અને સૌને તે વાંચવા માટે ખુલ્લુ મૂકવામાં આવ્યુ.

ભવિષ્યમાં કેવી અને કઈ સેવાઓ સંસ્થા દ્વારા ગરીબો માટે હશે તેનો ચિતાર ડો. ધીરેનભાઈએ આપ્યો અને તેમા સૌની હુંફ, સહયોગ અને સાથ સહકાર જે રીતે ૩૫ વર્ષથી મળી રહ્યો છે તે રીતે જ મળતો રહે, સેવાની ધૂણી ધખતી રહે તે માટે નમ્ર અપીલ કરી. કાર્યક્રમ દરમ્યાન પાપડ, નાસ્તા, ગારમેન્ટ અને ટેકનીકલ તાલીમ કેન્દ્રમાં બનતી ચીજવસ્તુઓ વેચાણ માટે મૂકવામાં આવી. કાર્યક્રમના અંતે સમૂહ ભોજન અને સંસ્થાના રિપોર્ટ સાથે સૌએ વિદાય લીધી.

## ઉત્સવો–તહેવારોની ઉજવણી

- **નવરાત્રી ઉત્સવ :** નવરાત્રી પર્વની ઉજવણી સંસ્થાના ત્રણે કેમ્પસમાં આનંદ ઉલ્લાસ સાથે થઈ. આઠમના દિવસે હોમ–હવન પણ કરવામાં આવ્યો અને ગરબાની રમઝટ સાથે આ પર્વને સૌ કોઈ નાના–મોટાઓએ વધાવ્યો.
- **દિવાળી :** નવા વર્ષની પૂર્વ સંઘ્યાએ સ્ટાફ પરિવારે બાળકો સાથે દિવાળી પર્વની ઉજવણી કરી. તહેવારોની હારમાળા સાથે આવેલા દિવાળીમાં ફટાકડા ફોડવાનો આનંદ મેળવ્યો. મીઠાઈની મીઠાસને સૌએ સાથે વહેંચી અને એકબીજા સાથેની ઘનિષ્ઠતાને મજબૂત બનાવી. દિવાળી પર્વનું મહત્વ જાણ્યુ અને નાના પાયા પર મનોરંજન કાર્યક્રમ પણ કરવામાં આવ્યાં.

### સંસ્થા દર્શન

- કરમસદ મેડિકલ કોલેજના એક્સટેન્શન પ્રોજેક્ટમાં કામ કરતા ગ્રામ્યકક્ષાના કાર્યકર બહેનો અને સુપરવાઈઝર્સ સેવા રૂરલમાં આરોગ્યનું કામ જોવા, જાણવા તા. ૮, ૯ ઓક્ટો અને ૭, ૮ ડિસે ૧૫ દરમ્યાન આવ્યાં. કુલ ૬૫ બહેનો બે ગ્રુપમાં થઈ આવ્યાં.
- તા. ૧૯ થી ૨૮ ઓક્ટો ૧૫ દરમ્યાન ઓસ્ટ્રેલિયાથી રૂચિતાબેન જીગરભાઈ શાહ (ફીજીયોથેરાપીસ્ટ) સંસ્થા દર્શનમાં આવ્યાં. તેઓને ભારતમાં અને ખાસ ગુજરાતમાં આવેલ સંસ્થાઓમાં યોગ્યતાવાળુ કામ કરવાની ઈચ્છા હોવાથી તેઓ વિવિધ સંસ્થાઓ જોઈ રહ્યા છે. તેના ભાગરૂપે સંસ્થા દર્શન માટે આવ્યા.
- તા. ૩–૪ નવે ૧૫ દરમ્યાન ડો. રવેન્દ્રભાઈ શર્મા અને ડો. અરવિંદભાઈ વર્મા NIRTH, જબલપૂર (મધ્યપ્રદેશ) થી આવ્યા અને સંસ્થાની પ્રવૃત્તિઓ નજીકથી જોઈ.
- તા. ૧૬ થી ૧૭ નવે ૧૫ દરમ્યાન ડો. દિગંતભાઈ અને અનઘાબેન આમ્ટે લોકબિરાદરી પ્રકલ્પ હેમલકસા (મ. સ્ટે.) થી આવ્યા અને બંને સંસ્થાની અરસપરસ માહિતીની આપ–લે થઈ.
- તા. ૩ અને ૪ ડિસે ૧૫ દરમ્યાન શ્રી નીખીલભાઈ અને મહેશભાઈ દેશપાંડે સર્ચ–ગડચિરોલી (મ.સ્ટે.) થી સંસ્થા દર્શનમાં આવ્યાં હતા.
- તા. ૨૧ ડિસે ૧૫ થી ૨ જાન્યુ ૧૬ દરમ્યાન યુનિવર્સિટી ઓફ નોર્થ કોરોલિના (USA) થી શ્રી વેદાંગભાઈ પટેલ સંસ્થા દર્શન માટે આવ્યાં. તેઓ મેડિકલના અભ્યાસપૂર્વે સંસ્થાના હોસ્પિટલની પ્રવૃત્તિ જોઈ.

## કસ્તુરબા હોસ્પિટલ

- ઓક્ટો ૧૫ માં હોસ્પિટલના ૩૫ વર્ષની યાત્રામાં પહેલીવાર એક જ માસમાં કુલ ૫૩૨ ડિલિવરી થઈ જે સૌથી વધુ ડિલિવરી છે અને ૨૪ કલાકમાં ૨૬ સુવાવડ થઈ. જયારે સંસ્થા શરૂ થઈ ત્યારે ૨૦ થી ૨૫% ડીલીવરી હોસ્પિટલમાં થતી હતી જયારે કોમ્પ્યુનીટી હેલ્થ પ્રોજેકટના કાર્યકરો દ્વારા આ વિસ્તારમાં જાગૃતિ, સરકારની વિવિધ યોજનાઓ, ૧૦૮ એમ્બ્યુલન્સની સેવાઓ મળી રહી છે તેથી આ વર્ષના આખર સુધીમાં ૪૫૦૦થી વધુ સુવાવડ થવાની સંભાવના છે ૮૦ થી ૮૫% સલામત ડીલીવરી હોસ્પિટલમાં થઈ રહી છે તેનો આનંદ છે.
- તા. ૩૧ ઓક્ટો અને તા. ૫ નવે ૧૫ દરમ્યાન બે દિવસ માટે કુલ ૪૮ આયાબેન સ્વીપરભાઈ વડોદરા મુકામે બોચાસણવાસી શ્રી અક્ષર પુરુસોત્તમ સ્વામી નારાયણ સંસ્થા હોસ્પિટલ (BAPS)ના શૈક્ષણિક પ્રવાસે ગયા. ત્યાં નવી ટેકનીકથી સફાઈ કેવી રીતે થાય છે તે જોયુ. ત્યારબાદ કમાટીબાગમાં ફર્યા અને નાની મોટી ખરીદી કરી.
- તા. ૨૪ નવે ૧૫ થી ખેયાલીબેન આહિર હોસ્પિટલમાં સરકારી યોજનામાં ચિરંજીવી બાલસખાની કામગીરી માટે જોડાયા છે.
- ડો. શિવાનીબેન ચૌહાણ તા. ૧ ડિસે ૧૫ થી હોસ્પિટલમાં મેડિકલ ઓફિસર તરીકે જોડાયા છે.

- ડો. તુષારભાઈ દેસાઈ તા. ૭ ડિસે ૧૫ થી હોસ્પિટલ વિભાગમાં મેડિકલ ઓફિસર અને એડમીનીસ્ટ્રેશનના કામ માટે જોડાયા છે.
- તા. ૮ ડિસે ૧૫ થી પૂનમબેન રમેશભાઈ વસાવા લેબોરેટરીમાં લેબોરેટરી આસીસ્ટન્ટ તરીકે જોડાયા છે. સંસ્થાના જોડાએલ આ બધા નવા કાર્યકરોને સંસ્થા પરિવાર સહર્ષ આવકારે છે.
- તા. ૩૧ ડિસે ૧૫ના રોજ ભરૂચ ફૂડ એન્ડ ડ્રગમાંથી બ્લડ સ્ટોરેજ સેન્ટરનું લાયસન્સ રીન્યુઅલ સંદર્ભે મિ. રાવત તથા શૈલેષભાઈ વસાવા લેબોરેટરીની વિઝિટ માટે આવ્યા હતા.
- ડિસે ૧૫ થી ડો. કૌશલભાઈ જેશલપુરીયા (પેથોલોજીસ્ટ) હોસ્પિટલની લેબોરેટરીના મહિનામાં બે વખત માર્ગદર્શન અને ઈન્ટર્નલ કવોલીટી કંટ્રોલ માટેની સેવા આપી રહ્યા છે.

**ગાયનેક કેમ્પ**

| અ. નં. | તારીખ | સ્થળ | દર્દીની સંખ્યા |
|---|---|---|---|
| ૧. | ૧–૧૦–૧૫ | નેત્રંગ | ૧૧૦ |
| ૨. | ૮–૧૦–૧૫ | ઝંખવાવ | ૫૩ |
| ૩. | ૧૫–૧૦–૧૫ | નેત્રંગ | ૮૫ |
| ૪. | ૫–૧૧–૧૫ | નેત્રંગ | ૯૬ |
| ૫. | ૧૯–૧૧–૧૫ | નેત્રંગ | ૫૩ |
| ૬. | ૨૬–૧૧–૧૫ | ડેડિયાપાડા | ૯૯ |
| ૭. | ૦૩–૧૨–૧૫ | નેત્રંગ | ૧૧૯ |
| ૮. | ૧૦–૧૨–૧૫ | નેત્રંગ | ૮૨ |
| ૯. | ૧૭–૧૨–૧૫ | નેત્રંગ | ૮૬ |
| ૧૦. | ૨૪–૧૨–૧૫ | ડેડિયાપાડા | ૨૬ |
| | **કુલ** | | **૮૦૯** |

## આંખ વિભાગ

### ઓકટોબર ૧૫ થી ડિસેમ્બર૧૫ સુધી યોજાયેલ નેત્ર નિદાન કેમ્પ માહિતી

| ક્રમ | કેમ્પ તારીખ | ગામ | તાલુકો | સહયોગી સંસ્થા / વ્યકિત |
|---|---|---|---|---|
| ૧. | ૪–૧૦–૧૫ | ભરૂચ | ભરૂચ | સ્વ. મણીબેન રમણલાલ ચંગાવાલા તથા સ્વ. વિદ્યાબેન ત્રિભોવનદાસ મહેતા–ભરૂચના સ્મરણાર્થે હસ્તે– રમણભાઈ ચંગાવાલા તથા ચંપકલાલ મહેતા – ભરૂચ આર્યન્સ ગૃપ, બંબાખાના અને અંબે માતા વિદ્યાલય વેજલપુર. |
| ૨. | ૧૧–૧૦–૧૫ | રણુ | પાદરા | અનુગ્રહ દ્રષ્ટિદાન – દિલ્હી તથા અંકલેશ્વર ONGC એસેટ |
| ૩. | ૧૪–૧૦–૧૫ | ધારોલી | ઝઘડીયા | Host |
| ૪. | ૧૮–૧૦–૧૫ | મોઠીયા | હાંસોટ | સ્વ. દયારામ હરીભાઈ પટેલ તથા સ્વ. શર્મિલાબેન ઉપેન્દ્રકુમાર પંડયાના સ્મરણાર્થે હસ્તે ગં.સ્વ. ઉર્મિલાબેન પટેલ તથા પરિવારજનો દ્વારા. |
| ૫. | ૨૦–૧૦–૧૫ | ગોવાલી | ઝઘડીયા | સ્વ. રેવાબેન સીતારામભાઈ ભકત અને સ્વ.સીતારામભાઈ રણછોડજી ભકત– સામપુરા હસ્તે કંચનબેન ભગવાનદાસ ભકત – સામપુરા. |
| ૬. | ૨૫–૧૦–૧૫ | માંગરોલ | નાંદોદ | સ્વ. મીરયમ એમ. ચોપડે જન્મદિન નિમિત્તે – રાજપીપલા ધી રેવા દૂધ ઉ.સ.મં. લિ. માંગરોલ + Host |
| ૭. | ૨૮–૧૦–૧૫ | રાજપારડી | ઝઘડીયા | સ્વ. ડો. શાંતિલાલ હીરાલાલ શાહ (ઉમલ્લા) ના સ્મરણાર્થે હસ્તે લાયન ગોપાલ આર. શાહ ભરૂચ+ Host |

| ક્રમ | કેમ્પ તારીખ | ગામ | તાલુકો | સહયોગી સંસ્થા / વ્યકિત |
|---|---|---|---|---|
| ૮. | ૧–૧૧–૧૫ | લુણા | વાલીયા | દિપ ટ્રસ્ટ –નાની નરોલી (GIPCL) |
| ૯. | ૪–૧૧–૧૫ | કોઢ | વાલીયા | તૃપ્તી પરાગ ચેરીટેબલ ટ્રસ્ટ – મુંબઈ + Host |
| ૧૦. | ૮–૧૧–૧૫ | દઢાલ | અંકલેશ્વર | દઢાલ એજયુકેશન ડિસ્પેન્સરી વોટર વર્કસ ટ્રસ્ટ અને શ્રી અરવિંદભાઈ મોહનલાલ શાહ–વડોદરા જન્મદિન નિમિત્તે |
| ૧૧. | ૧૫–૧૧–૧૫ | ઝઘડિયા | ઝઘડિયા | સ્વ. શ્રી જશવંતસીંગ તેજસીંગ રાજપુરોહિત – અંકલેશ્વરની સ્મૃતિમાં તથા શ્રી સુનિલભાઈ ગુલાબસિંહ રામેશ્વરલાલ શારદા – અંકલેશ્વર, શ્રી બજરંગ વાસણ ભંડાર – ઝઘડિયા. |
| ૧૨. | ૧૮–૧૧–૧૫ | આમલેથા | નાંદોદ | રાજશ્રી પોલીફીલ – ઉમલ્લા. |
| ૧૩. | ૨૨–૧૧–૧૫ | ડહેલી | વાલીયા | સ્વ. ગણપતિશંકર સુરજરામ ભટ્ટ – ડહેલી, સ્વ. નરહરીશંકર ભટ્ટ, સ્વ. પ્રદ્યુમનભાઈ, સ્વ. પુષ્પાબેન, સ્વ. દિપકકુમાર ભટ્ટ– ડહેલીના સ્મરણાર્થે. |
| ૧૪. | ૨૫–૧૧–૧૫ | ઉમલ્લા | ઝઘડિયા | સ્વ. બાબુભાઈ રામચંદ્ર ભટ્ટ – રાજપીપલાના સ્મરણાર્થે હસ્તે શશીબેન જાની– રાજપીપલા + Host |
| ૧૫. | ૨–૧૨–૧૫ | સોડગામ | વાલીયા | સ્વ. સુમનચંદ્ર જમીયતરામ ભટ્ટ– સોડગામના સ્મરણાર્થે + Host |
| ૧૬. | ૬–૧૨–૧૫ | વાગરા | વાગરા | બ્લેક બર્ગ યુ. કે. નબીપુરના ભાઈઓ દ્વારા. |
| ૧૭. | ૯–૧૨–૧૫ | જેસપોર | ઝઘડિયા | શ્રી વિમલકુમાર મહાવીરપ્રસાદ જાલાન –અમદાવાદના સૌજન્યથી. |
| ૧૮. | ૧૩–૧૨–૧૫ | તીલકવાડા | તીલકવાડા | સબીહાબેન સાજીદભાઈ મુસા – નબીપુર સાર્વજનિક ટ્રસ્ટ હોસ્પિટલ – નબીપુર અને ફૈઝ યંગ સર્કલ – તિલકવાડા. |
| ૧૯. | ૧૬–૧૨–૧૫ | સજોદ | અંકલેશ્વર | લ્યુપીન હ્યુમન વેલ્ફેર એન્ડ રીસર્ચ ફાઉન્ડેશન (લ્યુપીન લિ.) અંકલેશ્વર. |
| ૨૦. | ૨૩–૧૨–૧૫ | અશા | ઝઘડીયા | નિલોર્ભી આશ્રમ –અશા, પી.એન. પટેલ ચેરીટેબલ ટસ્ટ– વડોદરા તથા Host |
| ૨૧. | ૨૭–૧૨–૧૫ | દહેજ | વાગરા | જન સેવા ટ્રસ્ટ ( બીરલા કોપર ) દહેજ. |
| ૨૨. | ૩૦–૧૨–૧૫ | ઉમધરા | ઝઘડિયા | ગં. સ્વ. સવિતાબા મંગળભાઈ પટેલ –વીરપોર પાટીદાર પ્રગતિ મંડળ – ઝારોલા Host |

**નોંધ** :

– ડિસ્ટ્રીકટ બ્લાઈન્ડનેશ કંટ્રોલ સોસાયટી – ભરૂચ ( ટ્રાન્સપોર્ટેશન ખર્ચ માટે) સહયોગ મળેલ છે.

– Host- હરિ ઓમ સેવા ટ્રસ્ટ– વડોદરા તથા જે તે ગામની પ્રાથમિક શાળા / હાઈસ્કુલનો સહયોગ મળેલ છે એ બદલ આભાર.

## કોમ્યુનીટી હેલ્થ પ્રોજેક્ટ

- ImTeCHO પ્રોજેક્ટ સંદર્ભે ૨૨ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (PHC) ના લગભગ ૬૫૦ ગામમાં માતા અને બાળકના સ્વાસ્થ્યની જાણકારી મેળવવા દરેક પ્રા. આ. કેન્દ્રમાં એક ડેટા કલેક્ટર એમ ૨૨ ડેટા કલેક્ટર દ્વારા ગામમાં ફરી સર્વેલન્સ કરવામાં આવ્યો. ડેટા કલેક્ટરની સુપરવિઝન અને સપોર્ટ માટે ડેટા કલેક્ટર સુપરવાઈઝરને વેબ પરથી ImTeCHO ની ટ્રેઈનીંગ આપવામાં આવી.
- તા. ૨૧ ડિસે ૧૫ થી ૨૦ જાન્યુ ૧૬ દરમ્યાન ગ્રામવિદ્યાપીઠ, માંગરોલથી ત્રણ વિદ્યાર્થી તમના બેચલર ઓફ રૂરલ સ્ટડી (BRS)ના ત્રીજા વર્ષના અભ્યાસના ભાગરૂપે કેન્દ્ર નિવાસમાં આવ્યા. તેઓએ કોમ્યુનીટી હેલ્થ પ્રોજેક્ટમાં આઈ.એમ. ટેકો.ના મોબાઈલ ફોન ટેકનોલોજીનો તાલીમ કાર્યક્રમ નજીકથી જોયો અને જરૂરી મદદ આપી.

## તાલીમ કાર્યક્રમ

| સંસ્થા | તાલીમાર્થી પ્રકાર | વિષય |
|---|---|---|
| પ્રા. આ. કેન્દ્ર, ખૈડીપાડા | આશા કાર્યકર | આઈ. એમ. ટેકો તાલીમ |
| પ્રા. આ. કેન્દ્ર, ગોપાલીયા | આશા કાર્યકર | આઈ. એમ. ટેકો તાલીમ |
| પ્રા. આ. કેન્દ્ર, જેસલપોર | આશા કાર્યકર | આઈ. એમ. ટેકો તાલીમ |
| પ્રા. આ. કેન્દ્ર, ગોપાલીયા | આશા કાર્યકર | આઈ. એમ. ટેકો તાલીમ |
| પ્રા. આ. કેન્દ્ર, જેસલપોર | આશા કાર્યકર | આઈ. એમ. ટેકો તાલીમ |
| પ્રા. આ. કેન્દ્ર, રાજુવાડીયા | આશા કાર્યકર | માતૃબાળ સંભાળ તાલીમ |
| પ્રા. આ. કેન્દ્ર, ચીકદા | આશા કાર્યકર | માતૃબાળ સંભાળ તાલીમ |
| પ્રા. આ. કેન્દ્ર, ગંગાપુર | આશા કાર્યકર | આઈ. એમ. ટેકો તાલીમ |
| પ્રા. આ. કેન્દ્ર, સીસોદરા | આશા કાર્યકર | આઈ. એમ. ટેકો તાલીમ |
| રીલાયન્સ ફાઉન્ડેશન, નેત્રંગ | ગ્રામ્ય આરોગ્ય કાર્યકર | ન્યુટ્રીશન તાલીમ |
| પ્રા. આ. કેન્દ્ર, ગંગાપુર | આશા કાર્યકર | આઈ. એમ. ટેકો તાલીમ |
| સેટકો ફાઉન્ડેશન, કાલોલ | આરોગ્ય કાર્યકર | આરોગ્ય ક્ષમતાવર્ધન તાલીમ |
| પ્રા. આ. કેન્દ્ર, સીસોદરા | આશા કાર્યકર | આઈ. એમ. ટેકો તાલીમ |
| પ્રા. આ. કેન્દ્ર, બુજેઠા | આશા કાર્યકર | આઈ. એમ. ટેકો તાલીમ |
| પ્રા. આ. કેન્દ્ર, વજિરીયા | આશા કાર્યકર | આઈ. એમ. ટેકો તાલીમ |
| પ્રા. આ. કેન્દ્ર, લાછરસ | આશા કાર્યકર | માતૃબાળ સંભાળ તાલીમ |
| પ્રા. આ. કેન્દ્ર, નવા વાઘપુરા | આશા કાર્યકર | માતૃબાળ સંભાળ તાલીમ |
| પ્રા. આ. કેન્દ્ર, ડહેલી | આશા કાર્યકર | માતૃબાળ સંભાળ તાલીમ |
| પ્રા. આ. કેન્દ્ર, ચાસવડ | આશા કાર્યકર | માતૃબાળ સંભાળ તાલીમ |

## વર્કશોપ, સેમીનારમાં જોડાયા

| તારીખ | સંસ્થા | વિષય |
|---|---|---|
| ૧–૩ ઓક્ટો. ૧૫ | આરોગ્ય વિભાગ, ગાંધીનગર, ગુજરાત | આઈ.એમ. ટેકો પ્રોગ્રામ પ્રેઝેન્ટેશન (ચિંતન શિબિર ) |
| ૫ –૧૦ ઓક્ટો. ૧૫ | શ્રી સદ્‌ગુરૂ સેવા સંઘ ટ્રસ્ટ ચિત્રકુટ (મ.પ્ર.) | સંસ્થા દર્શન |
| ૧૦–૧૧ ઓક્ટો. ૧૫ | વનિતા વિશ્રામ (એડોલેસન્ટ હેલ્થ એકડેમી.) સૂરત | પેરેન્ટીગ અને એડોલેસન્ટ હેલ્થ કોન્ફરન્સ |
| ૧૧ – ૧૪ ઓક્ટો. ૧૫ | સર્ચ, ગઢચિરોલી (મ. સ્ટે.) | આઈ.એમ. ટેકો પ્રોગ્રામ પ્રેઝેન્ટેશન (ચિંતન શિબિર ) |
| ૧૦ ઓક્ટો. ૧૫ | સેવા રૂરલ, ઝઘડિયા | સેફટી અવેરનેસ |
| ૧૬ ઓક્ટો. ૧૫ | પર્યાવરણ સ્વચ્છતા સંસ્થાન સુઘડ–અમદાવાદ | સેનીટરી લેટ્રીન |
| ૧૮ થી ૨૧ ઓક્ટો. ૧૫ | મેક્સીકો | ગ્લોબલ મેટરનલ એન્ડ ન્યુબોર્ન હેલ્થ કોન્ફરન્સ'૧૫ |
| ૨૫ ઓક્ટો. ૧૫ | ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ | હેલ્થ ફોરમ સંગઠન ૨૫ વર્ષની ઉજવણીની મીટીગ |
| ૨૬ – ૩૧ ઓક્ટો. ૧૫ | ગ્રામવિકાસ ટ્રસ્ટ–દ્વારકા, રામકૃષ્ણ મીશન –પોરબંદર, નિવેદિતા સ્કુલ–રાજકોટ, સ્વામી વિવેકાનંદ સેવા સમિતી, ઉપલેટા | શૈક્ષણિક પ્રવાસ |
| ૩૧ ઓક્ટો અને ૫ નવે ૧૫ | બોચાસણ અક્ષર પુરુષોત્તમ હોસ્પિટલ, ભાઈલાલ અમીન હોસ્પિટલ, વડોદરા | સંસ્થા દર્શન |
| ૩૧ ઓક્ટો ૧૫ | અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન (AMA) અમદાવાદ | ફાયનાન્સ ફોર નોન ફાયનાન્સ પર્સન |
| ૨૧ નવે ૧૫ | ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટયુટ ઓફ ડ્રાઈવીગ, ટેકનીકલ ટ્રેનીગ એન્ડ રીસર્ચ, વડોદરા (વાઘોડિયા) | રોડ સેફટી અવેરનેસ |
| ૨૨ નવે. ૧૫ | ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ પબ્લિક હેલ્થ, અમદાવાદ | સસ્ટેનેબલ ડેવલોપમેન્ટ ગોલ (SDG) |
| ૨૩ નવે. ૧૫ | અવાજ, અમદાવાદ | જનસ્વાસ્થ્ય અભિયાન મીટીગ |
| ૧૧–૧૨ ડિસે. ૧૫ | ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ પબ્લિક હેલ્થ, અમદાવાદ | NGO Excellence |
| ૧૭ ડિસે. ૧૫ | એમ. એસ. યુનિર્વસીટી, વડોદરા | વન બલીયન રેઝીગ કાર્યક્રમ કજરીયા ફીલ્મ જોઈ ( સ્ત્રી ભ્રુણહત્યા ) |
| ૧૮ ડિસે. ૧૫ | ચરોત્તર ટેકનીકલ ઈન્સ્ટિટયુટ, ચાંગા | ટેકનોલોજીકલ ઈનોવેશન ઈન પબ્લિક હેલ્થ. |
| ૨૭ ડિસે. ૧૫ | એન્વાયરમેન્ટ એન્ડ કેન્સર ઈન્ડિયા પરસ્પેકટીવ | યોગ નિકેતન, વડોદરા |

## વિવેકાનંદ ગ્રામીણ ટેકનીકી કેન્દ્ર

- તા. ૬ ઓકટો ૧૫ના રોજ વેલ્ડર ટ્રેડના તાલીમાર્થીઓ દ્વારા વેલ્ડર ટ્રેડમાં વિજ્ઞાન કમ ટ્રેડ પ્રદર્શન રાખવામાં આવ્યો. જેમાં દરેક ટ્રેડના તાલીમાર્થી તેમજ સ્ટાફ પ્રદર્શનમાં જોડાયા. આ પ્રદર્શનમાં ટ્રેડમાં વપરાતા તમામ પ્રકારના સાધનોની માહિતી આપવામાં આવી.
- તા. ૭ ઓકટો ૧૫ના રોજ ઝઘડિયા જીઆઈડીસીમાં આવેલ 'ગોલ્સ' આઈટીઆઈ ની મુલાકાત એન્વાયરમેન્ટ કમ કેમીકલ પ્લાન્ટ ઓપરેટર ( ECCPO ) ટ્રેડના વિદ્યાર્થીઓએ લીધી હતી, જેમાં લેબોરેટરીના ઈકવીપમેન્ટ, ઈન્સ્ટ્રુમેન્ટનો પરીચય કેળવ્યો હતો.
- તા. ૧૭ ઓકટો ૧૫ ના રોજ ઈલેકટ્રીકલ અને વેલ્ડર ટ્રેડના કુલ ૪૫ તાલીમાર્થી વડોદરામાં આવેલ શેરા મશીન્સ એન્ડ ઈલેકટ્રીકલ એન્જીનીયરીંગ, ક્રિએટીવ ઈલેકટ્રીકલ, ગોલ્ડન ઈલેકટ્રીકલ તેમજ વડોદરામાં આવેલ અન્ય મનોરંજન સ્થળોની પણ મુલાકાત લીધી હતી.
- તા. ૨૪ ઓકટો ૧૫ના રોજ મશીનીષ્ટ અને ટર્નર ટ્રેડના કુલ ૪૪ તાલીમાર્થી વડોદરામાં આવેલ તીવારી ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રી, હર્ષ એન્ટરપ્રાઈઝ, મલ્ટી ફાસ્ટનર્સ, પ્રકાશ એન્જીનીયરીંગ વર્કસની મુલાકાત લીધી હતી.
- તા. ૩૦ ઓકટો ૧૫ના રોજ સેન્ટર ફોર એન્ટરપ્રેન્યોરશીપ ડેવલપમેન્ટ (CED) ગાંધીનગર દ્વારા "સ્વરોજગાર" લક્ષી શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં ૧૬ ભૂતપૂર્વ વિદ્યાર્થી જોડાયા.
- તા. ૪ નવે ૧૫ના રોજ મશીનીષ્ટ ટ્રેડનું પ્રદર્શન રાખવામાં આવ્યુ હતુ. જેમાં દરેક ટ્રેડના વિદ્યાર્થીઓ ઈન્સ્ટ્રકટર જોડાયા હતા. ઉપરાંત શ્રી બંકિમભાઈ (મેનેજીંગ ટ્રસ્ટી), પ્રમોદભાઈ નાગરાજે ટ્રેડની મુલાકાત લઈ પ્રોત્સાહિત કર્યા. આ દરમ્યાન ટ્રેડમાં વપરાતી મશીનરી, કટીંગ ટુલ, મેઝરીંગ ઈન્સ્ટ્રુમેન્ટ વગેરેના ઉપયોગો દરેક તાલીમાર્થીને ટીમ દ્વારા સમજાવવામાં આવ્યા હતા.
- તા. ૨૩ નવે ૧૫ના રોજ રોડ શેફટી સંદર્ભે બરોડામાં આવેલ " All Gujarat Institute of Driving Technic" મારૂતી ઉદ્યોગની મુલાકાત વિજીટીકેના સ્ટાફે લીધી હતી.
- તા. ૧ થી ૩ ડિસે ૧૫ દરમ્યાન પાવાગઢ પ્રવાસનું આયોજન કરવામાં આવેલ જેમાં આવાસીય અને અપડાઉન કરતા તમામ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.
- તા. ૪ ડિસે ૧૫ના રોજ એન્વાયરમેન્ટ કમ કેમીકલ પ્લાન્ટ ઓપરેટર (ECCPO ) ટ્રેડમાં શૈક્ષણિક પ્રદર્શન રાખવામાં આવેલ જેમાં દરેક ટ્રેડના તાલીમાર્થીઓએ વિજ્ઞાન સંદર્ભે માહિતી મેળવી. આ પ્રદર્શનની પ્રમોદભાઈ નાગરાજ, રાજેન્દ્રભાઈ નાયકે પણ નોંધ લીધી હતી.
- તા. ૧૯, ૨૦ ડિસે ૧૫ દરમ્યાન સેવા રૂરલના ૩૫ વર્ષની ઉજવણીનો કાર્યક્રમ વિજીટીકેમાં રાખવામાં આવેલ જેમાં તાલીમાર્થીઓએ વિવિધ જવાબદારી સ્વીકારી કાર્યક્રમને સફળ બનાવવામાં મદદ આપી.
- તા. ૨૮ ડિસે ૧૫ના રોજ ૩૧મી બેચના વાલીઓની મિટિંગ રાખવામાં આવી જેમાં ૬૮ વાલીઓ હાજર રહ્યા હતા. આ મિટિંગમાં અત્યાર સુધી તાલીમાર્થીએ સાધેલી પ્રગતિ તેમજ આગામી આવનાર આ શૈક્ષણિક સમય દરમ્યાન વાલી પાસે સંસ્થાની અપેક્ષાઓની વાત કરવામાં આવી. ઉપરાંત સિકલસેલ ધરાવતા વિદ્યાર્થીઓના વાલી સાથે વિગતવાર સિકલસેલ એનીમીયાના રોગની વાત પણ કરવામાં આવી.
- તા. ૨૮–૩૦ ડિસે ૧૫ દરમ્યાન કોમ્પ્યુટરની ૮મી બેચના એડમીશનના ઈન્ટરવ્યુ રાખ્યા, જેમાં ૫૩ વિદ્યાર્થીઓમાંથી ૩૩ છોકરીઓ અને ૨૦ છોકરાઓ હાજર રહ્યા હતા.

## શારદા મહિલા વિકાસ સોસાયટી

### વહીવટી સંચાલન

- સોસાયટીના સંચાલનમાં ગ્રામ્યસ્તરની સહયોગીબેનો, સ્ટાફ કાર્યકરો અને રસ ધરાવતા, અનુભવી મહિલા નિષ્ણાતો સાથે ચર્ચા –વિચારણા કરવામાં આવે છે. આ ત્રણ માસ દરમ્યાન સ્ટાફના ઓર્ડર રીન્યુ, શિબિરો, શારદા મા જન્મજયંતી, શૈક્ષણિક પ્રવાસ વગેરેનું આયોજન, ઈન્ટરનલ ઓડિટનું મોનીટરીંગ તેમજ કારોબારી મીટીંગમાં બાળકેળવણી પ્રવૃત્તિનું પ્રેઝન્ટેશન કરવામાં આવ્યુ.

### જનરલ

- **છૂટા થનાર** : આશિષભાઈ આર. રોહિત તા. ૨૪ ઓકટો ૧૫થી ગર્વમેન્ટમાં નોકરી મળ વાની હોવાથી છૂટા થયેલ છે.

### સંસ્થા દર્શન

- તા. ૧૬ ઓકટો ૧૫ના રોજ પર્યાવરણ સ્વચ્છતા સંસ્થાન, ગાંધીનગર સંસ્થાની વિઝિટ કરી. શૌચાલયના વિવિધ મોડેલ વિશે માહિતી મેળ વી. શૌચાલયને યોગ્ય પધ્ધતિથી બનાવવું. તેમાંથી બનતુ ખાતર, શૌચાલયની સુંદરતા, સ્વચ્છતા માટેના ઘણા નવા મુદ્દાઓની જાણકારી મેળવી. આ વિઝિટમાં અવેરનેસ સ્ટાફની સાથે શિયાલી ગામના બે કડિયાભાઈ પણ સહભાગી બન્યા.
- તા. ૨૮ થી ૩૧ ઓકટો ૧૫ દરમ્યાન શારદા મહિલા વિકાસ સોસાયટીના કારોબારી કમિટી અને સ્ટાફ સભ્યોનો શૈક્ષણિક પ્રવાસ થયો.

  કાચા માલના ભાવ વધારાના પ્રશ્નો, માર્કેટના પ્રશ્નો, સહયોગી બહેનોએ પૂરતી, સંતોષકારક રોજી આપવાના પ્રશ્ન તથી આ અંગે ચર્ચા વિચારણા કરી પર્યાયી પ્રવૃત્તિ માટે આ શૈક્ષણિક પ્રવાસ ગોઠવાયો. વિવિધ સંસ્થાઓની મુલાકાતમાં 'ગ્રામ વિકાસ ટ્રસ્ટ', દ્વારકા સંસ્થામાં બહેનોના ફેડરેશન દ્વારા ગ્રામ વિકાસના કામો બહેનો જાતે લડત કરી કેવી રીતે કરાવે છે, તે અનુભવો જાણ્યા. અભણ બહેનોએ દાખવેલ હિંમત અને કામગીરીની રજૂઆત પ્રેરણાત્મક બની. સ્વામી વિવેકાનંદ સેવા સમિતિ, ઉપલેટામાં બહેનો માટે શીવણ, પેન્ટિંગ, કોમ્પ્યુટર વર્ગ ચાલે છે. તેઓની સીવણ તાલીમના ઘણા મુદ્દા શા.મ.વિ. સો. ના ગારમેન્ટ સીવણ તાલીમ વર્ગ માટે ઉપયોગી બનશે. નિવેદિતા ફાઉન્ડેશનની શૈક્ષણિક પ્રવૃત્તિઓ, મોબાઈલ સ્કુલ, બહેનો માટે હાઉસ કીપીંગ કલાસીસ, નૃત્યના કલાસીસની જાણકારી લીધી. સંસ્થાના સંસ્થાપક શ્રી ગુલાબભાઈ, ઉષાબેન જાનીને મળ્યા. હસ્ત લીખીત નિબંધોની ખૂબ સારી પ્રવૃત્તિ હતી. આ સંસ્થામાં મહેમાનોને આવકારવાની રીત અને ઉંમર લાયક વ્યકિતઓની કામ કરવાની ધગશ ઊડીને આંખે વળગે એવી પ્રેરણાત્મક રહી. પોરબંદરમાં રામકૃષ્ણ મિશન, ગાંધીજીનું જન્મ સ્થળ અને કસ્તુરબાનુ ઘર અને ફોટાનું પ્રદર્શન જોયું. બેટ દ્વારકા, વીરપુર જલારામ મંદિર પૌરાણિક મંદિરોમાં દર્શન કર્યા. પ્રવાસ દરમ્યાન રામકૃષ્ણ મિશન રાજકોટ, ઉપલેટામાં રહેવા જમવાની વ્યવસ્થા મળી ત્યાંની પ્રવૃત્તિઓ અને પ્રાર્થનામાં જોડાવાનો લાભ લીધો. શૈક્ષણિક પ્રવાસ ટ્રેન દ્વારા થયો તેમાં ટ્રેનમાં અંતાક્ષરી, બ્રેઈન સ્ટોર્મીંગ માટેની રમતો, ડમશેરો રમવાની ખૂબ મજા આવી. પ્રવાસમાંથી પરત આવી શું કરવુ જોઈએ તેનો એકશન પ્લાન બનાવી પણ ચર્ચા વિચારણા કરી.
- સ્ટાફ અને કારોબારી સભ્યોએ તા. ૫ નવે ૧૫ ના દિવસે ભરૂચમાં આવેલ કેટરીંગ ટ્રેનીંગ સન્ટરની મુલાકાત લીધી.

* મહિલા વિકાસ અને સશકિતકરણ તથા બાળકોના પૂરક શિક્ષણ અને વિકાસના કામો સેવા રૂરલ હેઠળ થતાં હતાં જે હવે કેમ્પસમાં આવેલી સ્વતંત્ર સંસ્થા શારદા મહિલા વિકાસ સોસાયટી હેઠળ જુલાઈ ૨૦૦૨થી થઈ રહ્યા છે.

## મહિલા જાગૃતિ કાર્યક્રમ શિબિરો

- તા. ૨૪ ઓકટો ૧૫ના રોજ સહયોગી શિબિરમાં શ્રી જ્ઞાનમયપ્રાણામાતાજી (મીરાબેન) એ બાહ્ય જગત અને આંતરિક જગત વચ્ચે સુમેળ રાખવા શું કરવું જોઈએ તેની સામાન્ય ઉદાહરણો દ્વારા સમજ આપી. આ શિબિરમાં ૧૦૦ સહયોગી બહેનો સહભાગી થયા હતા.
- તા. ૩૦ નવે ૧૫ના રોજ સહયોગી શિબિરમાં લગ્ન સંસ્કાર વિધિમાં સપ્તપદી અને તેનું મહત્વ વિશે નેહાબેને વાત કરી. સાત ફેરાના અર્થ શું છે તે કોઈ બહેનોને ખબર ન હતી. શિબિરમાં લગ્નનું નિદર્શન કરી શ્લોક બોલી તેનો અર્થ પાવર પોઈન્ટ માધ્યમથી સમજાવ્યો.

### જાતિય સતામણી વિરોધી સમિતિ પ્રવૃત્તિ અને સ્વરક્ષણ તાલીમ

- તા. ૪ નવે ૧૫ના રોજ બિર્લા સેન્ચુરી ઝઘડિયા જીઆઈડીસીમાં જાતીય સતામણી વિરોધી સમિતિની મિટિંગમાં શારદા મહિલા વિકાસ સોસાયટીમાંથી રંજનબેન અટોદરિયા, ગાયત્રીબેન પટેલ જોડાયા. ત્યાં કામ કરતા વર્કર બહેનો સાથે મુલાકાત પણ લીધી.
- તા. ૨૩, ૨૪ નવે ૧૫ દરમ્યાન ટયુટોરીયલના ધો. ૬ અને ૮ માં અભ્યાસ કરતી, કલરવ ગ્રુપની અને સ્ટાફ મળી ૧૫ કિશોરીઓ સાથે સ્વરક્ષણની બે દિવસની શિબિર થઈ. શાળાએ જતી કિશોરીઓને સ્કુલમાં છોકરાઓ હેરાન કરતા કેવી રીતે સ્વબચાવ કરવો તે સમજાવ્યું. બાળશોષણ અથવા બાળકોનું જાતીય શોષણ (ચાઈલ્ડ એબ્યુજ) એટલે તેના બચાવ માટે શું કરવું તે માહિતિ પણ આપી.
- તા. ૧૬, ૧૭ ડિસે ૧૫ને કોમ્પ્યુટરની ૧૭, શિવણ વર્ગની ૨૦ તાલીમાર્થી મળી કુલ ૩૯ કિશોરીઓને બે દિવસીય સ્વરક્ષણ શિબિર રાખવામાં આવી.

## બાળકેળવણી

### સ્થાનિક ટયુટોરિયલ પ્રવૃત્તિ

- તા. ૧૫ આકટો ૧૫ના રોજ "હેન્ડ વોશીગ ડે" ની ઉજવણી કરી. જેમાં સૌથી પહેલા તો "હેન્ડ વોશ" ની વીડિયો બતાવી, ત્યારબાદ હાથ ન ધોઈએ તો શું થાય? હાથ કેમ અને કેવી રીતે ધોવા તે પ્રત્યક્ષ કરીને બતાવ્યું.
- તા. ૨૦ આકટો ૧૫ નાં રોજ સંસ્થાના શુભેચ્છક કુમારપાળભાઈ દેસાઈ નવસારીથી આવ્યા. દર વર્ષે ટયુટોરિયલના બાળકો માટે દિવાળી નિમિતે ફટાકડા વગેરે ભેટ સ્વરૂપે આપતાં હોય છે તેઓએ આ વર્ષે જાતે આવી ટયુટોરિયલનાં બાળકોને વિવિધ રંગબેરંગી રમકડાઓ આપી ખુશ કર્યા.
- નવરાત્રીમાં ટયુટોરિયલના બાળકો તથા દરેક વિભાગના સ્ટાફ સભ્યોએ ગરબા રમી આનંદ મેળવ્યો.
- દિવાળીનાં પર્વની તૈયારી રૂપે દિવાળી કાર્ડ બનાવી બધાને શુભેચ્છા પાઠવી રંગોળી પૂરી, ફટાકડા ફોડયા, મઠિયા–ઘૂઘરાનો નાસ્તો કરી દિવાળીનો આનંદ માણ્યો.
- તા. ૨૭ નવે ૧૫ના રોજ ટયુટોરિયલ વિભાગમાં અભ્યાસ કરી ગયેલાં અને હાલમાં આગળ અભ્યાસ કરતાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સ્નેહ મિલન રાખવામાં આવ્યું. દરેક વિદ્યાર્થીઓ હાલમાં શું કરી રહ્યાં છે તેની વાત કરી સાથે સમૂહ ભોજન લીધુ અને રાજપીપળા નજીક પોઈચા ગામમાં આવેલ સ્વામીનારાયણ મંદિરે દર્શન કર્યા નાના પ્રવાસનો આનંદ માણ્યો.

## ગ્રામ્ય વિસ્તારની પ્રવૃત્તિ

### હરતી ફરતી શાળા

- દર ૧૫ દિવસે એકવાર ઝઘડિયા તાલુકાના ૧૨ ગામમાં અભ્યાસની સાથે–સાથે અન્ય પ્રવૃતિમા જૂનાં ગામોમાં નવરાત્રીની અને નવા ગામોમાં દિવાળીની ઉજવણી કરી. શાળાના વિદ્યાર્થીઓ સાથે ગામનાં અન્ય બાળકો તેમજ પરિવારનાં સભ્યો પણ જોડાયા. બધાએ સાથે મળી ફટાકડા ફોડી મઠીયા–ઘુઘરા ખાઈને આનંદ માણ્યો.

### કલરવ પ્રવૃત્તિ

- નવેમ્બરમાં આનંદ મેળાનું આયોજન કર્યુ હતું જેમાં કલરવના બાળકોએ દિવડાનો સ્ટોલ કર્યો હતો જેની પૂર્વ તૈયારી તા. ૩ થી ૬ નવે ૧૫

સુધી કરી રંગબેરંગી દિવડા બનાવ્યાં. જેનો સ્ટોલ ઊભો કરી વેચાણ કર્યુ.

- તા. ૧૬ થી ૧૮ નવે સુધી અંકલેશ્વરથી ડાન્સ શિક્ષક નિકુંજભાઈ મહેતાએ આવી ટ્યુટોરિયલ ના ૨૩ બાળકો અને કલરવના બાળકોને ડાન્સ શીખવાડયો.
- હરતી ફરતી શાળાના દરિયા, સીમધરા, પડવાણિયા, ગામોમાં ગ્રામ્ય શિબિર કરી જેમાં કલરવના બાળકો જોડાયા. ગામડાના બાળકોને કલરવના બાળકોના મદદથી વિવિધ પ્રવૃત્તિ કરાવી. બાળકોને એકબીજા સાથે મળી પ્રવૃત્તિ કરવામાં આનંદ મળ્યો અને એકબીજા પાસે શીખ્યા, નવા દોસ્તો બન્યા.

# કિશોર–કિશોરી કાર્યક્રમ

## શિબિર

- તા. ૧૭–૧૮ અને ૨૧–૨૨ નવે ૧૫ દરમ્યાન કિશોર શિબિરમાં કુલ ૯૭ કિશોર સહભાગી થયા. જાતીય સતામણી કોને કહેવાય તે અંગેના કાયદા, પુરૂષે સ્ત્રીની જાતીય સતામણી ન થાય તે માટે શું કરવુ જોઈએ તે સમજાવ્યું. શિબિરના બીજા દિવસે 'પોઈચા' સ્વામીનારાયણ મંદિરનો નાનો પ્રવાસ કર્યો.
- તા. ૧૯, ૨૦ નવે ૧૫ બે દિવસીય કિશોરી શિબિરમાં પાંચ ગામમાંથી ૭૦ કિશોરીઓ સહભાગી બની. શિબિરમાં સ્વરક્ષણની તાલીમ અને નાની કિશોરીઓ સાથે ચાઈલ્ડ એબ્યુઝ એટલે શું ? તેના બચાવ માટે શું કરી શકાય તે વિષય લીધા. રાત્રિ રોકાણ દરમ્યાન આ જ વિષય આનુશાંગિક "ગુલાબ ગેંગ" પીકચર બતાવવામાં આવ્યો.

## પીયર એજ્યુકેટર મિટિંગ

- તા. ૨૭, ૨૮ નવે ૧૫ના બે દિવસીય પીયર એજયુકેટરનો વર્કશોપ થયો તેમાં માસિક કામગીરીનું રિપોર્ટીંગ કર્યુ તેમજ કોમ્યુનીકશેન, નેતૃત્વ, હોમ વિઝિટ કેવી રીતે કરવી તે વિષયોની તાલીમ આપી. હાલ ચાલી રહેલ પ્રવૃત્તિને ઘનિષ્ઠ બનાવવા માટે એનીમીયા, વ્યકિતગત સ્વચ્છતા, વ્યસન વિષયો પર બનાવેલ પોસ્ટર દ્વારા પીઅર એજયુકેટરોએ પ્રેઝેન્ટેશન કર્યુ. ગામમાં જાગૃતિ વધે માટે પીયર એજયુકેટરને મોબાઈલ ફોન આપ્યા જેથી તેઓ વીડિયો બતાવી શકે. નવા વર્ષે નવુ શું કરી શકાય તેની પણ ચર્ચા કરવામાં આવી.

## શાળા પ્રવૃત્તિ

આ ત્રણ માસ દરમ્યાન શાળામાં લેવાએલ વિષયોમાં

- ધોરણ ૭ની ૨૮ શાળાઓમાં વ્યસનના સેશનમાં ૪૦૯ કિશોર, ૪૪૮ કિશોરી હાજર રહ્યા.
- ધોરણ ૮ની ૪૩ શાળાઓમાં વ્યસન સેશનમાં ૩૫૮ કિશોરો, ૪૯૫ કિશોરીઓ હાજર રહ્યા.
- ધોરણ ૯ની ૪૩ શાળાઓમાં જાતીય શોષણ સેશનમાં ૫૪૪ કિશોર, ૪૫૨ કિશોરી હાજર રહ્યા.

## અન્ય પ્રવૃત્તિ

- તા. ૧૨ ડિસે ૧૫ ના રોજ રામકૃષ્ણ આશ્રમ, રાજકોટ આયોજીત સેવા પ્રકલ્પ કાર્યક્રમ અંતર્ગત ઝઘડિયામાં આવેલ દિવાન ધનજીશા હાઈસ્કુલના પ્રાથમિક શાળાના ધોરણ ૭ અને ૮ના વિદ્યાર્થીઓએ જૂના પણ સારા અને ઉપયોગી બને તેવા કપડા પોતાના ઘરેથી લઈ આવ્યા. તે કપડાને સાઈઝ પ્રમાણે ગોઠવી. ઝઘડિયા ગામના આદિવાસી વિસ્તાર (રખા ફળીયા) માં ઘરે ઘરે જઈ આપ્યાં. વિદ્યાર્થીઓને આ મદદ આપવામાં મજા આવી. શાળાના શિક્ષકશ્રીઓએ પણ સહકાર આપી, સાથે રહ્યા.
- બાંડાબેડા ગામમાં કિશોર–કિશોરી જાગૃતિ કાર્યક્રમની ટીમના મદદથી નિદર્શન માટેના બે શૌચાલય બનાવ્યા. જિલ્લામાંથી અને તાલુકામાંથી આવેલ અધિકારીશ્રીઓના હસ્તે તેનું ઉદ્ઘાટન થયું. ગામલોકોનો સહકાર મળશે અને સરકારશ્રી તરફથી અનુદાન મળે તો આ કામ આગળ વધશે.
- ગ્રામ્ય પ્રવૃત્તિની મુલાકાત સુપરવાઈઝરે લીધી શનિવારની પ્રવૃત્તિ, લાયબ્રેરી, ફર્સ્ટ એઈડનું શેષન, વ્યકિતગત સ્વચ્છતા કીટ, મેન્સ્ટ્રુઅલ હાઈજીન કીટ, એનીમીયા વગેરે વિશે ફોલોઅપ કર્યુ.

- ગેલેકક્ષી મુંબઈથી બે અધિકારીઓએ તા. ૨૬ નવે ૧૫ના રોજ શિયાલી, પીપળીપાન, ખારીયા ગામે જઈ પીયર એજ્યુકટરના લોકલીડરના ઈન્ટરવ્યુ લીધા. કિશોર– કિશોરીઓ સાથે ફોકસ ગ્રુપચર્ચા કરી એડોલેસન્ટ કાર્યક્રમનું મૂલ્યાંકન કર્યુ.

### મિશન છાત્રાલય

- તા. ૨૦ ઓકટો ૧૫ના સાંજે ઝઘડિયામાં આવેલ મીશન છાત્રાલયની ૧૬૦ કિશોરીઓને એનીમીયા અને ન્યુટ્રીશનની માહિતી પાવર પોઈન્ટ અને વીડિયોના માધ્યમથી આપી.

### વિજીટીકે વિદ્યાર્થી સાથે

- સોશ્યલ એન્ટરપ્રિન્યોરશીપ સ્કીલ (SES) મોડયુલ અન્વયે આ ત્રણ માસ દરમ્યાન કુલ ૬ સેશન વિજીટીકેના ૧૦૦ વિદ્યાર્થીઓ સાથે લીધા. કોમ્યુનીકેશન, પોઝીટીવ એટીટયુડ, ટીમવર્ક વિષયો લીધા. અંગ્રેજીનું પાયાનું જ્ઞાન આપ્યું. ત્યારબાદ સામાન્ય પરીક્ષા લીધી જેમાં વિદ્યાર્થીઓ પાસ થયા.
- તા. ૨૬ નવે ૧૫ના રોજ ટાઈમ મેનેજમેન્ટનું શેષન લીધુ. ખાસ કરીને સમયનો બગાડ કયાં થાય છે? તે કેવી રીતે રોકી શકાય ? તે માટે વિદ્યાર્થીઓએ રવિવારના દિવસે શું કર્યુ તે લખ્યું. દરેક વિદ્યાર્થીનો સમય કયાં બગડયો અને કયાં સમય બચાવી શકયા હોત તે જાતે જોયું. સમયની શુ અગત્યતા છે. કયુ કામ વધુ મહત્વનું કે ઓછુ મહત્વનું છે તે પ્રમાણે કામનું આયોજન કરવાની પધ્ધતિ પણ શીખ્યા.

## આર્થિક કાર્યક્રમ

### પાપડ

- સેવા રૂરલ સંસ્થાને ૩૫ વર્ષ પૂરા થયા. તે નિમિત્તે યોજાએલ વાર્ષિકોત્સવમાં તા. ૧૯, ૨૦ ડિસે ૧૫ બે દિવસ સુધી શા.મ. વિ. સો. દ્વારા આર્થિક કાર્યક્રમ હેઠળ પાપડ અને નાસ્તાના સ્ટોલ ગોઠવવામા આવ્યા હતા. શુભેચ્છકો, સ્નેહીમિત્રો અને લાભાર્થી વગેરે માટે રૂા. ૮,૬૫૫/– ના પાપડ અને રૂા. ૩૩૦૦/– ના નાસ્તાનું વેચાણ થયું.
- કાચો માલનો ભાવ દિવસે દિવસે વધી રહ્યો છે. તેથી ઉત્પાદિત થતા પાપડના ભાવમાં પણ ફેરફાર કરવામાં આવ્યો. કિલોદીઠ રૂા. ૧૯૦ના બદલે રૂા. ૨૩૦ નો ભાવ વધારો ઓકટો ૧૫થી કરવામાં આવ્યો છે.
- દિવાળીના તહેવારને ધ્યાનમાં લઈ SMVS માં ૭૨ કિલો મઠિયા, ૪૮ કિલો ચોળાફળી, ૧૪ કિલો ઘુઘરા વગેરેનું વિશેષ ઉત્પાદન કરી લોકોને તાજા, ચોખ્ખા નાસ્તા પહોંચાડી શકયા તેથી ઉત્પાદન કરતા લાભાર્થી સહયોગીબહેનોને આર્થિક ટેકો મળી શકયો.

### ગારમેન્ટ તાલીમ

- ૩ માસ દરમ્યાન ૩૫ બહેનોએ અહીયા આવી કામ કર્યુ અને ૭ બહેનોને ઘરે કામ આપ્યું. કુલ રૂા. ૧૯.૬૯ લાખનું ઉત્પાદન કરી રૂા. ૩.૭૮ લાખની કમાણી કરી.

### શીવણ તાલીમ

- તા. ૧ ઓકટો ૧૬થી નવી બેચ શરૂ કરવા માટે ૯૭ બહેનોના નામ આવ્યા. ઈન્ટરવ્યુ ૫૨ બહેનોના લીધા, ૪૨ બહેનો લેવામાં આવ્યા. જેમાં સવારે ૯ થી ૧ માં ૨૧ બહેનો અને બપોરના ૧ થી ૫ દરમ્યાન ૨૧ બહેનો સીવણ તાલીમમાં જોડાયા. જેમાં આદિવાસી ૩૦ બહેનો, અનુ. જનજાતિ ૪ બહેનો, બક્ષીપંચ ૬, અન્ય ૨ બહેનો છે. આ બહેનો ૧૦ થી ૧૫ કિ.મી. દૂરના ૧૦ ગામડામાંથી આવી રહ્યા છે.

અગાઉની તાલીમ મેળવેલ બહેનોમાંથી ૨૩ બહેનોને મશીન લાવી આપવામાં સંસ્થાએ મદદ કરી. આ બહેનોને સ્ટાઈપન્ડની ચુકવણી પણ કરવામાં આવી. આ ૬ માસના કોર્ષમાં આદિવાસી બહેનોએ દર મહિને રૂા. ૫૦૦, અન્ય જાતિની બહેનોએ રૂા.૨૫૦ ટોકન ફી રૂપે આપ્યા.

દરેક નવી બહેનોને સ્વરક્ષણની તાલીમ પણ આપવામાં આવે છે. અને દર મહિને તેઓને સશકિતકરણની શિબિરમા પણ જોડીએ છીએ.

## પ્રવાસ

- ગારમેન્ટ વિભાગની સહયોગી બહેનો સાથે તા. ૧૩થી તા. ૨૧ નવે ૧૫ પ્રવાસ ગોઠવાયો. ગારમેન્ટ વિભાગની ૩૦ બહેનો અને બાકીના ૨૬ સહયોગી બહેનોના સંબંધીઓને લીધા હતા. જેમાં શ્રીનાથજી, પુષ્કર, અજમેર, ફતેપુર સીક્રી, આગ્રા, મથુરા, ગોકુળ, વૃંદાવન, રુડકી, હરીદ્વાર, દહેરાદુન, મસુરી, ઋષિકેશ, દિલ્હી દર્શન પ્રવાસ કર્યો.

  પ્રવાસમાં બહેનોએ દરેક મંદિર, મસ્જિદમાં દર્શન કર્યા. ગંગા નદીમાં સ્નાન કર્યું. ફતેપુર સીક્રી, આગ્રા જેવા સ્થળોએ ફર્યા, મજા માણી, યાદગીરી રૂપે ફોટા પડાવ્યા. મસુરી હીલ સ્ટેશન પર ચાર પોઈન્ટ ફર્યા. મસુરી ઝીલમાં બોટીંગ કર્યુ. ધોધ જોયો (વોટર પાર્ક) ગાંધી ચોક, અન્ય પોઈન્ટ જોયા. ત્યાંથી હિમાલયની પર્વતમાળાઓ જોઈ. મસુરીથી ચાર ધામની જાત્રાએ જવાય તે રસ્તો અને રામ–લક્ષ્મણ ઝુલા પર પ્રદક્ષિણા કરી.

  ડુંગરોના રાજા હિમાલય અને ડુંગરોની રાણી મસુરી, અમે બધી બહેનો રાણી મસુરીને મળી આવ્યા. ખૂબ આનંદ આવ્યો.

**હરિદ્વાર દર્શન** – દક્ષ પ્રજાપિતા મંદિર, પાવન ધામ, (કાચનું મંદિર), ઈન્ડિયા ટેમ્પલ, માતા વૈષ્ણવદેવી મંદિર, ભારત માતા મંદિર, શ્રીરામ મંદિર (કાચનું મંદિર) જોયા. ખરીદી માટેની મોકળાશ હોવાથી મનમૂકીને ખરીદી કરી.

**દિલ્હી દર્શન** : છેલ્લા ૫– ૭ વર્ષથી દિલ્હી જવુ હતુ અને એ સ્વપ્ન આ પ્રવાસ દરમ્યાન પૂરું થયું. રાજઘાટ, અક્ષરધામ મંદિર, લોટસ ટેમ્પલ, કુતુબમિનાર, ઈસ્કોન મંદિર, ઈન્દિરા ગાંધી મ્યુઝીયમ, ઈન્ડિયા ગેટ, રાષ્ટ્રપતિ ભવન, સંસદ ભવન, નિઝામુદીન દરગાહની મુલાકાત લીધી.

વૃંદાવનમાં ચાલતા બહેનોના વૃધ્ધાશ્રમમાં અને ગૌશાળામાં પરિવાર વતી અમારી સાથેની બહેનોએ દાનપુણ્ય પણ કર્યા.

♦

# મિત્રોની નજરે...

સ્નેહીશ્રી,

ગત સેવા સુવાસ અંકમાં આવેલ વલોણું સંદર્ભના મારા પ્રતિભાવો પત્ર દ્વારા જણાવું છું.

જૂન ૨૦૧૫ના અંકમાં 'આજની ગ્રામીણ યુવાપેઢી માટે આપણે ચિંતીત છીએ તે માટેનું મારૂં સૂચન નીચે મુજબ છે.

યુવાન છોકરા છોકરીઓ બંધ બારણે અશ્લીલ પીકચરો જોવા, ધમાલ, મસ્તી, મજાક જેવા દુર્ગુણોનો શિકાર બની ચૂકયા છે, અને માત્ર ગ્રામીણ યુવાપેઢીમાં નહી પણ શહેરી યુવાપેઢી તો એના કરતા અનેકગણી દુર્ગુણોમાં ડૂબેલી છે. બીડી, સિંગારેટ તમાકુ, માવો, ડ્રગ, નશો, રેપ, ચોરી–ચપાટી, ઝઘડા અને મારામારી અને હત્યાના પ્રસંગો આપણે પેપરમાં અને ટી.વી. ચેનલોમાં જોતા રહ્યા છીએ.

આ બધા દૂષણો અમીરી અને ગરીબીની ઉપજ છે. પ્રાથમિક પ્રસ્તાવના પછીનું કારણ જોઈશું તો શહેરીકરણ–કેન્દ્રીકરણ અને ગામડા પ્રત્યેનું નીતિ નિર્ધારકોનું ઓરમાયું વર્તન છે. સાથે ગામડાની જીવનશૈલી ઉપર ભ્રામિક વિકાસની ઘેલછામાં ગૃહ અને ગ્રામોદ્યોગ પડી ભાંગ્યા. ગામડાનું સ્વાવલંબન હણાઈ ગયું. શારીરિક ૧૮ થી ૨૦ કલાક કામ કરનારની આવક અને ટેબલીખુરશી પર બેસી હાજરી આપનારની આવકમાં મોટો તફાવત છે.

કડિયા, સુથાર, મજૂર, મોટા મોટા માલેતુજારોની બિલ્ડીગ બનાવે છે. પણ પોતે રહેવાનું વાપરવાનું સાદું સરળ મકાન બનાવી શકતો નથી. કારણ એને એના પરિશ્રમનું વ્યાજબી મૂલ્ય મળતું નથી. તેમ ખેડૂતને એની ઉપજના ભાવ ઓછા મળે છે. એની પેદાશનું મૂલ્ય બજારમાં થાય છે જયારે

ઔદ્યોગિક ચીજવસ્તુની કિંમત ઉદ્યોગપતિ પોતે કરે છે અને સરકારો એને પ્રોત્સાહિત કરે છે.

બાળકોની આંકડાકીય પરિસ્થિતિના સર્વે કાર્યમાં છોકરા–છોકરીઓના પ્રશ્નો માટેનું સર્વે કરવાની તક સેવા રૂરલને મળી અને એ માટે ચિંતન શરૂ થયુ છે એનો આનંદ છે. બેકારોનું નિવારણ કરવામાં ઔદ્યોગિક એકમો નિષ્ફળ ગયા છે. ખેતી અને ગૃહ–ગ્રામોદ્યોગ દ્વારા જ બેકારી નિવારણ શકય છે. પરિશ્રમનું યોગ્ય મૂલ્ય થાય ત્યારે આખું અશ્લીલપણું, નફટાઈપણું છોડીને યુવાપેઢી ભારતનિર્માણના કાર્યમાં ઉત્સાહિત થશે.

તા. ૧૧–૯–૨૦૧૫ બદ્રીભાઈ જોશી
તણછા

♦

વડોદરા.

'સેવા સુવાસ' નો એપ્રિલ જૂનનો અંક વેડછીથી હમણાં મળ્યો તેથી પ્રતિભાવ આપવામાં વિલંબ થયો છે નભાવશો.

**માતૃશકિત :**
બહેન જીગ્નીશાબેન જેવાં બહેનને સો સલામ ! એમના જેવાં કરોડો બહેનો છે તેથી જ આ દેશ નભે જાય છે એવું Jim Corbet દ્વારા My India ના પુસ્તકમાં જણાવ્યું છે પુષ્કળ સમાધાન થાય તેવો કિસ્સા છે જ. અભિનંદન ! સૌ કોઈને.

'વલોણું' માં આજની પેઢી વિષે ચર્ચા છે, યોગ્ય છે. સંબંધી જ પરિવારોને ચિંતા રહે જ.

**(૧) લાચારી :** ગરીબી મુખ્ય પ્રશ્ન છે.

પાર્લામેન્ટના સભ્યો, ધારાસભાના સભ્યો પોતાના પગાર સવલતો વધારતા રહે છે અને 'ગરીબી' દૂર કરવાના નામે ખેલ ખેલી રહ્યા છે "મનરેગા" ના પૈસા પણ ન ચૂકવવા બદલ સર્વોચ્ચ અદાલતે હમણાં ઠપકો આપ્યો છે.

(૨) ગાંધીજીએ "હિન્દ સ્વરાજ" માં કુધારો આ વિકાસને ગણાવ્યો છે તેની આવૃત્તિ હવે આપણે ત્યાં ભારતમાં પ્રાપ્ત થઈ છે.

એમણે જે સમર્પણ ભાવથી રાષ્ટ્રને પોતાની મૂળશકિત પ્રાપ્ત કરવાના પ્રયત્નો કર્યા તે જ શ્રેષ્ઠ ઉપાય છે. એમની કક્ષાનું સમર્પણ મેળ વવાનો પ્રશ્ન છે.

(૩) યુવા પેઢીને પોતાના જીવનમાં કૂદકા મારવા, અવનવુ કરવું, સાહસ ખેડવા એમાં વ્યસ્ત થાય. આજકાલના પ્રચાર સાધનો જેમ દોરવે તેમ દોરવાય. તેઓ જાતે જ ઉપાય મેળવશે એમ પણ સ્વીકારવું જોઈએ. બાકી 'कर्मण्या ही अधिकारस्ते' !

(૪) છતાં, હજી ઠેઠ ખાડે નથી ગયું અને પશ્ચિમના દેશોની યુવાઓની જે કથા છે તે ભયાનક કહાની છે. ૧૦–૧૨ વર્ષે ગર્ભધારણ કરનારી દીકરીઓ ??

(૫) આફ્રિકાના ભીતરી વિસ્તારોમાં યુવક–યુવતિઓને સ્વપરિચય કરવાના સામૂહિક રહેણાંકો બાંધી આપે છે. ત્યાં જ પરસ્પર પસંદગી કરી માતાપિતાને જણાવી સંસાર શરૂ કરવાની પ્રથા છે કુટુંબ કે સમાજ નિર્ણય નથી કરતો.

કુલ મિલાકે માણસ છે. ભૂલે કરે અને તેમાંથી જાતે નીકળે તો જ આગળ વધે. શેષ શુભ.

નવા વર્ષની શુભ ચિંતન 'સેવા"ના તમામ સાથીઓને સાલમુબારક.

તા.૭–૧૦–૨૦૧૫, જયોતિભાઈ દેસાઈ
વેડછી

♦

(આ પ્રમાણે આપણા પ્રતિભાવો ચોકકસ લખી મોકલશો.)

# સત્સંગના સથવારે

## રમઝાન માસનો મહિમા

રમઝાન માસ એટલે કે અલ્લાહને રિઝવવાનો એટલે કે ખુશ કરવાનો અવસર.

મહંમદ સાહેબને રમઝાન મહિનામાં પવિત્ર ગ્રંથ "કુરાન" આ દુનિયામાં નાઝીલ થયું. મહંમદ પયંગમ્બર સાહેબે કુરાનમાં જન્નત એટલે કે સ્વર્ગમાં ચાર જાતના માણસોને આવકાર મળે છે એવી વાત કરી. આ ચારમાં સૌ પ્રથમ રમઝાનના રોજાને સ્થાન આપવામાં આવ્યુ છે. મહંમદ સાહેબે મુસ્લિમ ધર્મ પાળનારા સૌ કોઈ પુખ્ત ઉંમરના પછી તે સ્ત્રી હોય કે પુરુષ, બાદશાહ હોય, માલદાર હોય કે ગરીબ માણસ દરેકને રમઝાન માસમાં રોજા રાખવાનો આદેશ કર્યો છે. આ દિવસોમાં સૂર્ય ઉગતા પહેલાથી સૂર્ય આથમતા સુધી તેઓએ ભૂખ તરસ વિગેરે સહન કરીને અલ્લાહની બંદગી કરવાનો આદેશ છે. આ માસમાં ફકત એક દિવસના કરેલા ઉપવાસ અને બંદગીને હજારો મહિનાઓની બંદગી સમાન ગણવામાં આવ્યો છે. જે મુસ્લિમ આ લાભ ઉઠાવી શકતો નથી તેને કમનસીબ માનવામાં આવે છે.

કુરાનના આ હિદાયતનુ, આદેશનું મુખ્ય કારણ ગરીબો માટે હમદર્દી પેદા કરાવવાનું છે. એક મહિના સુધી ખાવાપીવાનું તદ્દન છોડી દઈને દરરોજ આખા દિવસ માટે પછી તે તડકો હોય, ગરમી હોય કે વરસાદ હોય પોતે રોજનુ જે કંઈ કામકાજ કરતા હોય તે ચાલુ રાખીને ખુદાની બંદગી કરવાની હોય છે. તેનો મુખ્ય હેતુ ગરીબ ભાઈ બહેનો જેણે પુરતું ખાવા માટે ખોરાક કે પીવા માટે પૂરતુ પાણી મળતુ નથી, તેઓને પડતી તકલીફોનો સ્વાનુભાવ કરાવીને હમદર્દી પેદા કરાવવાનો છે. રમઝાનના દિવસોમાં કરેલા રોજાને બાકીના દિવસોમાં કરેલા ખોટા કામો અને ગુન્હોને અલ્લાહ માફ કરીને પવિત્ર બનાવે છે એમ માનવામાં આવે છે. આ દિવસોમાં ધનવાન માણસો ગરીબોને અનાજ, રોકડું દાન કરીને બદલામાં અનેક ઘણુ પુણ્ય કમાય છે. બાદશાહો પણ રોઝા રાખતા જેથી પોતાની ગરીબ રૈયતની અનાજ–પાણી વગરની શી હાલત થતી હશે તેનું ભાન તેમને થાય. ઈસ્લામ રોઝાના માધ્યમ દ્વારા અમીરથી લઈને ગરીબ સુધી હમદર્દીનો પાઠ શીખવે છે.

આ એક છુપી ઈબાદત છે અને તેમાં કોઈ બાહ્ય આડમ્બર નથી. ફકત ને ફકત અલ્લાહને ખુશ કરવા માટેનો એક શ્રેષ્ઠ રસ્તો છે. રોઝાની હાલત વિશે ફકત અલ્લાહના નેક બંદાઓને જ ખબર પડે કે આ એક એવી શ્રધ્ધા છે, જેમાં ફકત અલ્લાહ તરફથી મદદ મળે છે. આ મહિના વિશે ઈસ્લામના મહાન પયગમ્બર મોહંમદ સાહેબે કહ્યું છે કે જેણે રમઝાનના રોઝા રાખ્યા તેનો બદલો અલ્લાહ પોતે તેને આપશે અને શું અને કેટલું આપશે એ રહસ્ય તો અલ્લાહ જ જાણે છે.

આ મહિનામાં મુસ્લિમો સાચુ શું ને ખોટુ શું તેનો વિચાર કરીને ખોટુ કામ કરતાં એટલે કે શૈતાનને કેદ કરીને ભકિતભાવમાં લીન થઈને સારી રીતે ઈબાદત કરીને બુરાઈથી બચી શકે છે, જેથી કરીને દોઝખના એટલે કે નર્કના દરવાજા બંધ થાય છે અને જન્નત સ્વર્ગના દરવાજા ખુલ્લા થાય છે. આ મુબારક મહિનામાં રોઝા રાખવા અને બીજી ઈબાદતમાં મશગુલ રહેવું વગેરે જહન્નતથી બચવાના અને જન્નતમાં દાખલ થવા માટેનો શ્રેષ્ઠ માર્ગ છે.

રોઝદારની દુઆ કબુલ થાય છે અને તેની રોજી અને માલમાં બરકત થાય છે. રમઝાન મહિનાના અગણિત ફાયદાઓ છે. ટુંકમાં રોઝદારનું ચાલવું ઈબાદત, કામ કરવું ઈબાદત, ઉંઘવું ઈબાદત અને દરેક નેકીઓના બદલામાં ૭૦ ગણીથી માંડીને એક લાખ નેકીઓ સુધીનો સવાબ એટલે પુણ્ય કમાવી લેવાની અમૂલ્ય તક મળે છે. રમઝાન મહિનો પૂણ્ય ભેગું કરવાનો મહિનો છે. જેઓએ પોતાની જીંદગીમાં સારું કામ કર્યુ હશે તેઓ માટે આ મુબારક મહિનો લણણીનો મહિનો છે.

આ ઉપરાંત રમઝાન માસમાં રોઝા કરવાથી આરોગ્યની સાચવણી વર્ષ દરમ્યાન બીજા ફાયદાઓ તો થાય છે જેવા કે ભરપેટે ખાધેલા મોજશોખના ખોરાકથી ઘણી બિમારીઓ પેદા થઈ શકે છે. જેથી રોઝામાં ખોરાક ન ખાવાથી બિમારીઓનો ઈલાજ તેને જાતે જ મળી શકે છે.

રમઝાન માસ પૂરો થતાં જ ઈદનો તહેવાર આવે છે. જેમાં દરેક મુસલમાન ભાઈઓ તથા બહેનો રાજીખુશીથી આ તહેવાર ઉજવે છે. ઈદના દિવસે જેમ મજૂરને દિવસના અંતે તેની મજૂરી ચુકવવામાં આવે છે તેમ આખા મહિનાનાં રોઝા રાખનારને અલ્લાહ તેની પાસેના ઈનામોથી નવાઝે છે. ઈદના દિવસે નાના–મોટા બધા જ સારા સારા કપડા પહેરી ઈદગાહમાં નમાઝ પઢી, એક બીજાને ઈદની મુબારકબાદ આપી આ તહેવારની ઉજવણી કરે છે.

ઝઘડિયાના મૌલવી રફીક સાહેબે સંસ્થામાં યોજાયેલા 'ઈદ' ઉજવણી પ્રસંગે હજ તેમજ સંસ્થાના કાર્યકર ફરીદાબેને કુરાનમાં મહંમદ સાહેબે દર્શાવેલા રમઝાન માસના મહિમા વિષેનું વાંચન કરીને સત્સંગ કરાવેલો.

♦

# નાનાઓની મોટાઈ

## ૧. માનવતાની મહેક

ખણણ... અવાજ સાંભળી સફાઈ સેવિકા લક્ષ્મીબેને જોયું.... તો કચરા સાથે કોઈ વસ્તુ દૂર ફેંકાઈ ગઈ હતી. અને તે વસ્તુ પાસે જઈ જોયું તો સોનાનું પેડલ. પેંડલ સાથે બીજું કંઈ હોવું જોઈએ, એવો વિચાર કરી લક્ષ્મીબેને આજુબાજુ નજર કરી. વસ્તુની નજીક જતા ખુરશી ખસેડી તો ખુરશીના વ્હીલના નીચે સોનાની ચેન પડેલી હતી. ડો. કલ્પનાબેનની ઓફિસની સફાઈ કરી રહ્યા હતા ત્યારે લક્ષ્મીબેને આ સોનાની ચેન અને પેંડલ લઈ સફાઈ ઈન્ચાર્જ, કલ્પનાબેન રજવાડી (નર્સબેન)ને આપ્યું અને કહ્યું "બેન મને આ સોનાની ચેન અને પેડલ મળ્યું છે" ડો. કલ્પનાબેન શાહને ફોન કરી જાણ કરી કે તમારી ઓફિસમાંથી આ વસ્તુઓ મળી છે. ત્યારે તેઓએ ગળા તરફ હાથ ફેરવ્યો તો સાચે જ ચેન ગળામાં નહોતી. તેઓની ચેન પડી ગઈ હતી. ચેન અને પેંડલ મળી હોવાનું સાંભળીને ખુશ થઈ ગયા અને લક્ષ્મીબેનને અભિનંદન પાઠવ્યાં અને તેઓ જયારે ફરજ પર આવ્યા ત્યારે લક્ષ્મીબેનને બોલાવીને કહ્યું કે પેંડા લાવી છું, તમે મને મારી કિંમતી ચીજ પરત આપી, તે માટે ધન્યવાદ અને તેઓ લક્ષ્મીબેનને રૂપિયા પણ આપવા લાગ્યા. ત્યારે લક્ષ્મીબેને કહ્યું, "બેન મારે ભેટ જોઈતી નથી. તમારી ચીજવસ્તુ તમને મળી તેનો મને આનંદ છે." લક્ષ્મીબેનની આર્થિક પરિસ્થિતિ સામાન્ય, કૌટુંબિક જવાબદારી અને જરૂરિયાતો વધુ , છતાંય કિંમતી વસ્તુનો મોહ રાખ્યો નહોતો, તેથી લક્ષ્મીબેનને અભિનંદન આપવા ઘટે.

♦

## જાણવા જેવું

# કસ્તુરબા સહાય યોજના

**હેતુ :** • સગર્ભા અને ધાત્રી માતાઓ અને તેમના નવજાત શિશુઓના આરોગ્ય અને પોષણની સ્થિતિમાં સુધારો લાવવાનો છે. • સગર્ભાવસ્થા, સલામત બાળજન્મ અને બાળકોના સંપૂર્ણ રસીકરણ દરમિયાન કાળજી અને સેવાઓના ઉપયોગમાં સુધારો લાવવો તેમજ મમતા અભિયાન કાર્યક્રમને વધુ સુદઢ બનાવવા સારૂં. • ગર્ભવતી મહિલાઓ અને ધાત્રી માતાઓના આરોગ્યમાં સુધારો થાય અને તેમને પૂરતું પોષણ મળે તે માટે તેમને નાણાંકીય સહાય આપવી.

**લક્ષિત લાભાર્થીઓ :**

• સમગ્ર રાજયની ગરીબી રેખા હેઠળની તમામ સગર્ભા માતાઓ ( લાભાર્થીની યાદી (૦–૨૦ સ્કોર) જિલ્લા ગ્રામ્ય વિકાસ એજન્સી ( ડી.આર.ડી.એ.) પ્રમાણે માન્ય રહેશે.)

**મળવાપાત્ર સેવાઓ :**

• સગર્ભા માતાઓને ત્રણ તબક્કામાં રૂા. ૬,૦૦૦/– ની નાણાંકીય સહાય. • સગર્ભાવસ્થામાં , પ્રથમ છ માસિક ગાળામાં મમતા દિવસ નોંધણી કરાવવાની રુા. ૨,૦૦૦/–ની સહાય. • સરકારી દવાખાનામાં અથવા ચિરંજીવી યોજના અંતર્ગત સુવાવડ કરાવવાથી રૂા. ૨,૦૦૦/–ની સહાય.
• બાળકના જન્મ બાદના ૯ મહિના પછી અને ૧૨ મહિના પહેલા મમતા દિવસે ઓરીની રસી સાથે વિટામીન–એ આપ્યા બાદ અને સંપૂર્ણ રસીકરણ પૂર્ણ થયા બાદ બાળકની માતાને પોષણ સહાયરૂપે રૂા. ૨,૦૦૦/–

**ચુકવણી માટેની કાર્યપધ્ધતિ :**

• નાણાં સીધા લાભાર્થીના બેંક ખાતામાં / પોસ્ટ ઓફિસ ખાતામાં એકાઉન્ટ પે ચેક દ્વારા નકકી કરેલ સમયાંતરે શરતોને આધિન રહી ચુકવવામાં આવે છે.
• જો લાભાર્થીને અન્ય કોઈ સગર્ભાવસ્થા અને રસીકરણને લગતી નાણાંકીય સહાય જેવી કે મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા ચાલતી ઈન્દિરા ગાંધી માતૃત્વ સહયોગ યોજના (IGMSY) હેઠળ સહાય મળતી હોય તો તે લાભાર્થી તેની પસંદગીની કોઈપણ એક યોજનાનો લાભ લેવા માટેનો હકકદાર બને છે.
લાભાર્થીને લાભ બેવડાય નહી તે સુનિશ્ચિત કરવાની જવાબદારી અમલીકરણ સત્તાધિકારીની રહેશે.

**અમલીકરણ માળખું :**

• આ યોજનાનું અમલીકરણ તમામ જિલ્લાઓમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી (સી.ડી.એચ.ઓ.) શ્રી કરશે. • જિલ્લાઓમાં તેના નોડલ ઓફિસર તરીકે આર.સી.એચ.ઓ. શ્રી રહેશે. કોર્પોરેશન વિસ્તારમાં આ યોજનાના અમલીકરણ માટે મ્યુનિસિપલ ઓફિસર ઓફ હેલ્થની જવાબદારી રહેશે. • ગ્રાન્ટ ફાળવણી મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી કરશે. કોર્પોરેશનની કામગીરીનો રિપોર્ટ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી મારફતે રાજયને મોકલવાનો રહે છે.

**જયારે આપણે બીજાને આનંદ આપી શકીએ છીએ ત્યારે જ આપણા જીવનનો હેતુ પરિપૂર્ણ થાય છે.**

મા શારદા

**પ્રિન્ટેડ બુક**

પ્રકાશક :
સેવા રૂરલ અને શારદા મહિલા વિકાસ સોસાયટી,
ઝઘડિયા – ૩૯૩ ૧૧૦, જિ. ભરૂચ, ગુજરાત
સેવા રૂરલ પબ્લીક ટ્રસ્ટ રજી. નં. એફ/૧૧૦/ભરૂચ

E-mail :- sewarural@ymail.com, Website : www.sewarural.org
Facebook : http:// www.facebook.com/sewarural
ફોન : (૦૨૬૪૫) (ઓ.) ૨૨૦૦૨૧, ૨૨૦૮૬૮
PAN No. AAATS 7375J

શા.મ.વિ.સો. પબ્લીક ટ્રસ્ટ રજી. નં. એફ/૯૦૩/ભરૂચ
smvs1985@yahoo.co.in, Website : www.shardamahilavikas.org
ફોન : (૦૨૬૪૫) ૨૨૦૮૧૧, ફેક્સ નં. ૨૨૦૩૧૩
PAN No. AACTS 8212L

35 Years 1980-2015
એક અવિરત યાત્રા